

જ્ઞાની-ધ્યાની મહામંગલકારી મળ્યા માત મુજ પ્યારા,
સેવક પર કરુણા વરસાવી ઉતારો ભવદધિ પારા;
——કૃપા-અમૃત વરસાવો રે,
શાશ્વતા શરણે રાખો રે.

શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ, બૃહદ્ મુંબઈ દ્વારા

સુવર્ણપુરીમાં ઉજવાનાર ૧૦૭મો

# 卐 શ્રી કહાનગુરુ-જન્મોત્સવ 卐

[ તા. ૧૫-૪-૯૬, સોમવાર થી તા. ૧૯-૪-૯૬, શુક્રવાર ]

અત્યાનંદોર્મિ સાથ જણાવવાનું કે—આત્મસાધના કરવા નીકળેલાં મુમુક્ષુઓને સઘળાય કર્તૃત્વરૂપી મોહરાજાની સેનાને નેસ્ત-નાબૂદ કરવા ક્રમબદ્ધ દ્વારા અકર્તાસ્વભાવી જ્ઞાયકનો અમોઘમંત્ર આપી આપણા ઉપર અનંત અનંત-ઉપકારની વર્ષા વરસાવનાર પરમ તારણહાર વહાલા ધર્મપિતાની ૧૦૭મી કલ્યાણવર્ષિણી મંગલ જન્મજયંતી ( વૈશાખ સુદ-૨ ), અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં બૃહદ્ મુંબઈનિવાસી શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ તરફથી ચૈત્ર વદ ૧૩, તા. ૧૫-૪-૯૬ થી વૈશાખ સુદ ૨, તા. ૧૯-૪-૯૬ —પાંચ દિવસ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે.

ગુરુ-જન્મોત્સવનો આ મંગલ અવસર તીર્થંકરનામકર્મબંધના હેતુભૂત 'શ્રી ષોડશકારણભાવના મંડલવિધાનપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસપૂર્ણ ઓડિયો-વિડિયો ટેપ-પ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન થનારી પૂજા-ભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, યાત્રા-વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય રોચક કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

આ માંગલિક ગુરુ-જન્મ-જયંતીના સુઅવસરે ગુરુભક્તિભીનો અનુપમ લાભ લેવા સોનગઢ પધારવા ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવક મંડળ બૃહદ્ મુંબઈ તરફથી હાર્દિક નિમંત્રણ છે.

[ સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સંવત-૧૬
વર્ષ-૫૨
અંક-૯
[ ૬૨૯ ]

વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
MARCH
A. D. 1996




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૬ ]

ક્રમબદ્ધપર્યાયથી ખરેખર જેને અકર્તાપણું ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુઃખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે, તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ એમ ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય સ્વયં ક્રમબદ્ધ થાય છે એમ એને બેસી ગયું છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

જીવ અકર્તા છે એમ અહીં સાબિત કરવું છે. આત્મા જાણનાર છે. કર્મ આદિ પરપદાર્થનો તે અકર્તા છે. વળી, આવો રાગ લાવું એવી બુદ્ધિનો કર્તા પણ આત્મા નથી કેમકે આત્મા જ્ઞાયક છે. જ્ઞાન-દર્શનનો પિંડ છે. પરનું કાર્ય કરે નહિ, પરનો કર્તા થાય નહિ તેમ જ આવો રાગ લાવું એવી કર્તાબુદ્ધિ પણ સ્વભાવમાં નથી. શુભરાગ આમ લાવું, તેવો જ્ઞેયનો સ્વભાવ નથી અને જ્ઞાનનો પણ તેવો સ્વભાવ નથી. આ વાત યથાર્થપણે સમજે તો ગર્વ ગળી જાય. અહીં કાંઈ અજીવને સમજાવવું નથી, તેથી અજીવ અકર્તા છે—એમ સિદ્ધ કરવું નથી. આત્મા અકર્તા છે, અને તેને સમજાવવું છે. આત્મામાં અને જડમાં ક્રમસર પરિણામ જે થવાના હોય તે જ થાય છે. આત્મા પરનો કર્તા નથી, કારણ કે પરમાં જે પ્રકારે જે સમયે જે પરિણામ થવાના તે જ થવાના. પરમાં જે ક્રમસર પરિણામ થવાના તે થવાના છે માટે જીવ પરનો કર્તા નથી અને પોતામાં પણ ક્રમસર પરિણામ થાય છે માટે આવા પરિણામ લાવું કે તેને આઘા પાછા કરું એવી પર્યાયબુદ્ધિ સ્વભાવમાં નથી. અજીવને સમજાવવું નથી. અજીવની દિશા અને દૃષ્ટિ પલટતી નથી. જીવમાં પણ પર્યાય તો ક્રમબદ્ધ જ થાય છે, પણ જીવની દિશા અને દૃષ્ટિ પલટાવવાનું કહે છે. જીવના અનંતાગુણોના પરિણામો જે જે સમયે થાય છે, તેનાથી જીવ તદ્રૂપ છે. બીજો તેનો ઉપજાવનાર નથી. મૂળ ગાથામાં અનન્ય શબ્દ છે. ટીકામાં તદ્રૂપ પરિણામ કહ્યાં છે. જે સમયના જે પરિણામ થાય છે તેનાથી તદ્રૂપ જીવ છે, અજીવ નથી. પોતાના પરિણામ ક્રમસર થાય છે—એમ નક્કી કરતાં હું જ્ઞાન છું, હું દર્શન છું એવી દૃષ્ટિ જીવની થાય છે. પુદ્ગલાદિ અજીવમાં ક્રમબદ્ધપર્યાય થાય છે, પણ તેને કાંઈ દુઃખ-સુખ નથી. તેથી તેને દિશા બદલાવવાની નથી, જીવને દિશા બદલવાની છે. પોતામાં ને પરમાં ક્રમસર પરિણામ થાય છે—એમ નક્કી કરતાં પરનું અભિમાન છૂટી જાય છે. આવો રાગ લાવું કે છોડું એ વાત પણ રહેતી નથી. પોતે જ્ઞાતા-દ્રષ્ટા થાય છે, તે સમ્યગ્દર્શન છે.

કેવળજ્ઞાની સર્વે પદાર્થોના પરિણામ જાણે છે. સર્વને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એક સમયમાં જાણે છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे ॥ १ ॥

ભગવાન ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વ-પરના સર્વ ભાવોના જાણનાર છે પણ ફેરફાર કરનાર નથી. અનંતા પદાર્થોનો જેવો સ્વભાવ છે, તેવો ભગવાને જોયો છે. આ નિર્ણય કરવો તે જ પુરુષાર્થ છે. બધા પદાર્થો ક્રમબદ્ધરૂપે પરિણમે છે. તું તારા

પરિણામોથી તદ્‌રૂપ છો, એટલે બીજારૂપે થતો નથી. અજીવ પોતાના પરિણામોથી અભેદ છે, તેના પરિણામ તારાથી થયા નથી. સોનાનો દાખલો આપ્યો છે. સોનું, કંકણ આદિ અવસ્થાથી એકરૂપ-તદ્‌રૂપ છે, તેમ સર્વદ્રવ્યો પોતાના પરિણામો સાથે તદ્‌રૂપ છે. જે જે સમયના પરિણામ થાય, તેની સાથે તે તે દ્રવ્ય તદ્‌રૂપ છે. જીવ પોતાના પરિણામપણે ક્ષણે ક્ષણે ઊપજે છે. દરેક પદાર્થ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજે છે.—આમ જીવ પોતે કર્તારૂપે થતો કાર્ય કરતો જીવ છે, અજીવનાં કાર્યનો આત્મા કર્તા હોય એમ સાબિત થતું નથી. અજ્ઞાની પરનો કર્તા થાય છે અને રાગને ફેરવવા માગે છે, પણ જ્ઞાતા-દ્રષ્ટા રહેતો નથી, તે સંસારનું કારણ છે.

કેવળી ભગવાને ત્રણે કાળના પદાર્થોના પરિણામ જોયા છે માટે તે પરિણામ થાય છે—એમ નથી. તું પણ જે જે અવસ્થા થાય તેનો જાણનાર છો, પરથી પૃથક્ છો અને સ્વથી અભેદ છો, પણ અજ્ઞાનીને આ વાત બેસતી નથી. તેણે આ વાત સાંભળી જ નથી અને સાંભળી હોય તો જે ભાવથી કહ્યું હોય તે ભાવ તે સમજતો નથી, તેથી તેણે ખરેખર સાંભળ્યું જ નથી.

આત્મા પોતાનું કાર્ય કરે તેની સાથે સાથે બીજા જીવ અને અજીવનું કાર્ય કરે કે નહિ ? ના. અજીવના કાર્યનો આત્મા કર્તા નથી અને અજીવનું કાર્ય આત્માનું નથી. સાંભળ રે સાંભળ ! તારું સત્ય સ્વરૂપ ! કોઈ પર્યાયને ફેરવવાની તાકાત આત્માની નથી. જે પર્યાય થાય તેને જાણવાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. જડનો ક્રમ પલટતો નથી, જડને દિશા બદલવી નથી. આત્મામાં પણ ક્રમ બદલતો નથી, પણ આત્માની દિશા અને દૃષ્ટિ બદલી જાય છે. પદાર્થમાં પોતાના અનંતા ગુણોની પર્યાય જે સમયે જે થવાની છે, તે જ થવાની છે. પોતાની પર્યાયને ફેરવવાનું પણ તારું સામર્થ્ય નથી, તો તારે શું કરવું ? પરને તથા રાગને ફેરવવાની બુદ્ધિ છે, તેને ફેરવ ને જ્ઞાતાબુદ્ધિ કર. દિશાનો પલટો માર કે હું જ્ઞાયક છું એ ક્રમબદ્ધપર્યાય સમજવાનું ફળ છે. નીચેની ત્રણ બાબતો બરાબર સમજવી.

(૧) જડ આદિ પદાર્થોને ફેરવવા નથી.

(૨) તારી પર્યાયોનો ક્રમ પણ ફરશે નહિ.

(૩) તારી દૃષ્ટિ ફેરવ. પરને તથા રાગને ફેરવવાની દૃષ્ટિ છોડ ને જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કર.

સમયસારના પહેલાં કળશમાં કહ્યું છે કે હું સમયસારને નમું છું. હું સાધક છું

એટલે અંતરમાં વળું છું. મારી શુદ્ધ પરિણતિ વધતી જાય છે. જ્ઞાનની પરિણતિ દ્વારા પોતાના સ્વરૂપને પ્રકાશે છે, રાગથી કે પરથી પોતાના સ્વરૂપને પ્રકાશતો નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે. સર્વ ભાવોને જાણે એવી એનામાં તાકાત છે. એમ તે કળશમાં કહ્યું છે. પુણ્ય-પાપ અધિકારની ગાથા ૧૬૦માં કહ્યું છે કે આત્મા સર્વજ્ઞ ને સર્વદર્શી શક્તિવાળો છે. જો તેવો ન હોય તો પર્યાયમાં ક્યાંથી આવશે? શક્તિમાં છે તો પર્યાયમાં આવે છે. વર્તમાનમાં કેવળજ્ઞાન કેમ નથી? શક્તિને ભૂલીને પુણ્ય-પાપમાં અજ્ઞાની અટકેલો છે અથવા ભાન થયા પછી સાધક અસ્થિરતાના પુણ્ય-પાપમાં અટકેલો છે માટે પૂર્ણદશા પ્રગટ નથી.

અહીં કહે છે કે આત્માને પોતાના પરિણામની સાથે કારણ-કાર્યભાવ છે તે પોતાના પરિણામ કરતાં બીજાના પરિણામને ઉપજાવે એમ બનતું નથી. ક્રમ પલટે નહિ અને સમ્યગ્દર્શન થાય, ક્રમ પલટે નહિ અને ચારિત્ર થાય, ક્રમ પલટે નહિ અને શુક્લધ્યાન થાય, ક્રમ પલટે નહિ અને કેવળજ્ઞાન થાય, ક્રમ પલટે નહિ અને અજ્ઞાનીને અધર્મ થાય એવું વસ્તુસ્વરૂપ છે. જીવ અને અજીવનો ક્રમ પલટતો નથી, છતાં અજ્ઞાનીની રુચિ પરમાં અને રાગમાં છે, તેથી તેને અધર્મ થાય છે. જ્ઞાનીને પણ ક્રમ પલટતો નથી છતાં સ્વની રુચિ હોવાથી તેની દિશા પલટી છે, માટે તેને ધર્મ થાય છે.

આ જીવ સિવાય બીજા જીવ કે અજીવ સાથે કારણ-કાર્ય સિદ્ધ થતાં નથી. પોતાના કારણે પરમાં કાર્ય થાય એમ બનતું નથી. અજીવને જ્ઞાન નથી, તેને દિશા ફેરવવાની નથી. જીવમાં અજ્ઞાન અથવા જ્ઞાન એમ બે દશા થાય છે. પરમાં તથા પોતામાં પરિણામ ક્રમે થાય છે—એમ નક્કી કરતાં દિશા બદલે છે, તે જ્ઞાયકભાવ છે. કેવળજ્ઞાની ભગવાન સર્વ ભાવોને એક સમયમાં જાણે છે તે પ્રમાણે સ્વમાં તથા પરમાં પોત પોતાના કારણે થઈ રહ્યું છે. આમ સમજવાનું કોને? અજીવને સમજવું નથી. તથા અજીવને સમજાવવું પણ નથી. જ્ઞાયકને સમજવું છે અને જ્ઞાયક સમજાવે છે.

જીવ પોતાનું કાર્ય કરવા છતાં પરનું કાર્ય કરતો નથી. માટે અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે. આત્માને બીજા આત્મા તથા પરમાણુ આદિ સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે. બીજાની પર્યાયનો પોતે ઉત્પાદક થાય એમ બનતું નથી. ઉત્પાદ્ય એટલે કાર્ય અને ઉત્પાદક એટલે કારણ અથવા ઉત્પાદ્ય એટલે કર્મ અને ઉત્પાદક એટલે કર્તા. કોઈ પરદ્રવ્ય સાથે આત્માને કર્તાકર્મ સંબંધ નથી. ઈશ્વર તો ઉત્પાદક નથી, પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યનો ઉત્પાદક નથી. એક પરમાણુના કાર્યનો જીવ ઉત્પાદક

થાય એમ બનતું નથી. પાણીનું ઉનાપણું ઉત્પાદ્ય છે, અને અગ્નિ તેનો ઉત્પાદક થાય એમ બનતું નથી.

દરેક પદાર્થ પોતાના પરિણામથી ઊપજે છે, અહીં જીવની દિશા બદલાવવી છે. જીવ-અજીવમાં ક્રમસર પર્યાય થાય છે. બીજા સમયનો પર્યાય પહેલે સમયે થાય તેમ કદી બને નહિ. બધાં દ્રવ્યોને અન્ય દ્રવ્યો સાથે કાર્ય-કારણ ભાવ સિદ્ધ થતો નથી. આત્મા ઉત્પાદક થઈ બીજા પદાર્થનું કાર્ય કરે તેમ કદી બને નહિ. જીવનો જ્ઞાન સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. આત્મા જ્ઞાનનો કર્તા છે અને જ્ઞાન પર્યાય તેનું કાર્ય છે. આત્મા પરનો કર્તા કદી નથી. પરના પરિણામ મેં કર્યા અને અશુભભાવ થતો હતો તેને મેં ફેરવ્યો—એમ અજ્ઞાની માને છે. રાગ ફેરવવાની રુચિવાળાને જ્ઞાન સ્વભાવની રુચિ નથી તેથી તેને શાંતિ થતી નથી. આ એકાંત નિયતની વાત નથી. નિયત કહીને માત્ર બકનારની વાત નથી. નિયત એટલે ચોક્કસ જે સમયે જે પરિણામ થાય તેને જાણનારા પુરુષને સમ્યગ્દર્શન થાય તેમાં પુરુષાર્થ સહિતના પાંચે સમવાય આવી જાય છે. ચાર સમવાય વિના એકાંત નિયત માનનાર મિથ્યાદૃષ્ટિ છે. પરથી વિકાર માને તેને સ્વ તરફ વળવાનો પ્રસંગ રહેતો નથી.

સ્વ-પરની ક્રમબદ્ધપર્યાયની માન્યતા વિના પંચ-પરમેષ્ઠીની શ્રદ્ધા નથી. જ્ઞાયકને જાણ્યો અને જે અલ્પરાગ છે તેને જાણ્યો એટલે જૈનશાસન આવી ગયું. પરવસ્તુ જૈનશાસન નથી. પરપદાર્થને તથા રાગને જાણવો તે વ્યવહાર છે, સ્વને જાણવો તે નિશ્ચય છે. ક્રમબદ્ધપર્યાયની વાત અજ્ઞાનીને બેસતી નથી.

અનંતા આત્મા, અનંતા પરમાણુ આદિ બધાની વાત છે. આત્મા રાગને લીધે કર્મ બાંધે, અથવા કર્મ રાગ કરાવે એવા કારણકાર્યનો અભાવ છે. ઈશ્વર કર્તા નથી, પોતે કર્તા થઈ રાગને પલટાવે એવું પણ સ્વરૂપ નથી અને આઘો-પાછો કરવો એવું કર્તા-કર્મનું સ્વરૂપ નથી. ક્રમબદ્ધપર્યાય થાય તેનો જાણનાર રહે તે કર્તાનું સ્વરૂપ છે. નિર્ણય કરતાં જ્ઞાન પર્યાયનું થવું તે કાર્યનું સ્વરૂપ છે. ઉત્પાદક આત્મા કર્તા છે ને તેનું કાર્ય તે ઉત્પાદ્ય છે. પર સાથે કારણ-કાર્યભાવ નથી. આત્મામાં અકાર્યકારણત્વ નામની એક શક્તિ છે, તે દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે. પરદ્રવ્ય કારણ અને આત્મામાં કાર્ય અથવા આત્મા કારણ અને પરમાં કાર્ય એવો સ્વભાવ નથી. પોતામાં પર્યાયના ક્રમને ફેરવવો એ કાર્યને પોતે કારણ એવો કાર્ય-કારણસ્વભાવ નથી, પણ પરના ક્રમમાં અને પોતાના રાગના ક્રમમાં જે જે પરિણામ આવે તેને જ્ઞાન સ્વભાવમાં

રહીને જાણવા એ આત્માનું કાર્ય છે. ઊંધી દિશા બદલાવીને જ્ઞાનસ્વભાવની દિશામાં આવવું તે આત્માનું કાર્ય છે.

હે જાગતી જ્યોત! તું જ્ઞાયક છો. જે પરિણામ થાય તેને જાણ–દેખ. જાણવાના પરિણામ સાથે તારા કાર્ય–કારણ છે. બીજાના પરિણામ સાથે તારે કાર્ય–કારણભાવ નથી. અજ્ઞાની માત્ર ઊંધી માન્યતા કરે છે. સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે કાર્ય–કારણભાવ નથી. બીજાના પરિણામ સાથે તારે કાર્ય–કારણભાવ નથી. પદાર્થનું ઉત્પાદ્ય એટલે તેની યોગ્યતા મુજબ તેનું કાર્ય થવા યોગ્ય પરિણતિ તે તે દ્રવ્યની છે, તેની શક્તિ જ એવી છે, તો તેને તું શું કરી શકીશ? તે દ્રવ્ય તેની શક્તિથી પરિણમે છે—માટે તારી શક્તિની તેને અપેક્ષા નથી, અને જેનામાં પરિણમવાની સ્વયં શક્તિ નથી તેમાં તારી શક્તિ શું કરશે? માટે પરદ્રવ્ય સાથે કર્તા કર્મ નથી.

'ઉપાદાન બલ જહં તહાં નહીં નિમિત્ત કો દાવ' । જુઓ બનારસીદાસ ઉપાદાન–નિમિત્તના દોહા નં. ૫ ।

જ્યાં ત્યાં ક્ષણિક ઉપાદાનની બળવત્તરતા છે. સમય સમયની લાયકાતથી કાર્ય થાય છે. નિમિત્ત આવીને ઉપાદાનમાં કામ કરે તેમ બનતું નથી. નિમિત્તનો દાવ કદી આવતો નથી. દરેક દ્રવ્યની દરેક સમયની યોગ્યતાથી પર્યાય થાય છે, તો પછી બીજું દ્રવ્ય તેનું ઉત્પાદક થાય તેમ કેમ બને? તેમ કદી બનતું નથી. ભૈયા ભગવતીદાસના દોહામાં નિમિત્તને જવાબરૂપે ઉપાદાન કહે છે કે જ્ઞાનીને પૂછવાથી ખબર પડશે કે વસ્તુનું સ્વરૂપ તું કહે છે તેવું નથી. (જુઓ દોહાનાં ૭ તથા ૨૧).

પ્રવચનસાર ગાથા ૧૬૦માં કહ્યું છે કે—શરીર, મન, વાણી, મારા આધાર વિના પરિણમે છે, કોઈ દ્રવ્યનો કોઈ કરનાર નથી.

"ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતન દ્રવ્ય નથી. હું સ્વરૂપ આધાર વિના તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે માટે હું શરીર, વાણી અને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું." શરીર, મન, વાણી મારા આધાર વિના તેના સ્વરૂપે પરિણમે છે. તેઓ ખરેખર તેના સ્વરૂપને ધારે છે. વાણી ઉત્પાદ્ય છે, તેનો ઉત્પાદક પરમાણું દ્રવ્ય છે. શરીર ઉત્પાદ્ય ને આત્મા તેનો ઉત્પાદક એમ નથી. શરીર–મન–વાણીના પરમાણુ મારા આધાર વિના પરિણમે છે. વળી પ્રવચનસારની તે જ ગાથામાં કહ્યું છે કે મારા કારણ વિના પણ શરીર મન, વાણી પરિણમે છે. તે પદાર્થો તેના કારણવાળા છે. તેના ઉત્પાદ્ય–ઉત્પાદક તે પદાર્થો છે.

મારાથી શરીર, વાણી આદિ પરિણમતા નથી. આમ નક્કી કર્યા પછી નિમિત્તનું જ્ઞાન કરવું તે ઠીક છે. પણ નિમિત્ત આવીને કાર્ય કરી દે, નિમિત્ત આવે તો કાર્ય થાય અને નિમિત્ત ન આવે તો કાર્ય ન થાય તેમ બનતું નથી. હું કર્તા વિના શરીર, મન, વાણીનાં કાર્ય થઈ રહ્યાં છે. મારા આત્મા વિના તેઓ ઉત્પાદ્યરૂપે થઈ રહ્યાં છે. મારા કર્તા વિના શરીરાદિ ચાલી રહ્યાં છે.

"વળી હું, સ્વતંત્ર એવા શરીર, વાણી અને મનનું કર્તા એવું જે અચેતન દ્રવ્ય તેનો પ્રયોજક નથી. હું કર્તા પ્રયોજક વિના પણ તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના પ્રયોજકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું." તે બધા પદાર્થોનો હું પ્રયોજક નથી. મારા વિના મારા કર્તા વિના, મારા કારણ વિના, મારા આધાર વિના, મારા અનુમોદન વિના—મારા પ્રયોજન વિના શરીર, મન, વાણીના કાર્ય થાય છે. જડને જ્ઞાન નથી. જડને ઉપદેશ આપવો નથી. જડને દિશા બદલાવી નથી. અજ્ઞાનીને કહે છે કે તું પરમાં કર્તાપણું માની એકાંત પરપ્રકાશક થઈ રહ્યો છે તે દિશા બદલ, સ્વભાવની દશા કરીને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ સાથે તદ્‌રૂપ થવાનું જીવને છે. માટે જીવને ઉપદેશ અપાય છે. શરીર, મન, વાણી નજીકના પદાર્થોનું જેમ કહ્યું, તેમ અન્ય બાહ્ય સર્વ પદાર્થનું સમજી લેવું. મારા કર્તા કે મારા કારણ વિના તેનું કાર્ય થાય છે. આવી દૃષ્ટિ થતાં જ્ઞાયકની દૃષ્ટિ થાય છે. સ્વભાવ સન્મુખ થતાં સમ્યગ્દર્શન થાય છે—આમ માને તેણે આત્માને માન્યો, સર્વજ્ઞને માન્યા, પંચ-પરમેષ્ઠીને માન્યા, તેને ધર્મદશા પ્રગટીને ચારિત્રદશા થાય છે ને સ્થિરતામાં આગળ વધે છે. જે આમ માનતો નથી તેને ધર્મ થતો નથી અને તેણે એકેને માન્યા નથી. [ક્રમશઃ]

---

સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. જો સંસાર-અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય, કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે. —પૂજ્ય ગુરુદેવ

# સ્વરૂપગ્રાહી જ્ઞાનનો મહિમા

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૩ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. કર્તા, કર્મ, ક્રિયા દ્વારનો આ ૧૪મો શ્લોક છે. તેના ઉપરનું પદ્ય નીચે પ્રમાણે છે. તેમાં ભેદવિજ્ઞાની જીવ કર્મનો કર્તા નથી માત્ર દર્શક છે એ વાત દ્રષ્ટાંતથી સમજાવે છે.

जैसें राजहंसके बदनके सपरसत,
देखिये प्रगट न्यारौ छीर न्यारौ नीर है।
तैसें समकितीकी सुदृष्टि मैं सहजरूप,
न्यारौ जीव न्यारौ कर्म न्यारौ ही सरीर है॥
जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै तब,
भासै आपु अचल न दूजौ और सीर है।
पूरब करम उदै आइके दिखाई देइ,
करता न होय तिन्हकौ तमासगीर है॥१५॥

સૂક્ષ્મ વાત છે ભાઈ! ધ્યાનથી સાંભળજો.

જેમ રાજહંસના મોઢામાં ચાંચ એવી છે કે મોઢામાં દૂધનો સ્પર્શ થતાં જ દૂધ અને પાણી જુદાં જુદાં થઈ જાય છે. તેવી જ રીતે, સમ્યગ્દ્રષ્ટિ જીવોની સુદ્રષ્ટિમાં સહજરૂપથી જ જીવ, કર્મ અને શરીર જુદાં જુદાં ભાસે છે. સમ્યગ્દષ્ટિ પોતાને જ્ઞાનરૂપ જીવ જાણે છે અને રાગ-દ્વેષના પરિણામ, કર્મ તથા શરીરને પોતાથી ભિન્ન જાણે છે. તેથી જ સમ્યગ્દ્રષ્ટિને ભેદવિજ્ઞાની કહેવાય છે.

અજ્ઞાની જીવને પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદમય છે તેની ખબર નથી એટલે પોતાના સ્વરૂપથી વિરૂદ્ધ એવા શુભ-અશુભવિકલ્પ એ મારા છે અને શરીર પણ મારું છે એમ માનીને તેનો કર્તા થાય છે અને વિકારી પરિણામ તથા શરીરની—મનવચનકાયથી ચેષ્ટા મારી છે એમ માને છે. આ મારું કાર્ય છે એમ માને છે.

ધર્મી તો તેને કહીએ કે જે પોતાના ચૈતન્યસ્વરૂપને જાણે છે અને શરીર, કર્મ તથા શુભાશુભ રાગને પોતાના સ્વરૂપથી ભિન્ન છે એમ જાણે છે. પરના શરીર અને

કર્મ તો મારાથી ભિન્ન છે પણ આ શરીર કે જે મારી સાથે એકક્ષેત્રાવગાહે રહેલું છે તે પણ મારાથી ભિન્ન છે અને અંદરમાં ઊઠતાં શુભ-અશુભ વિકલ્પ એ પણ મારું સ્વરૂપ નહિ હોવાથી મારાથી ભિન્ન છે એમ ધર્મી જાણે છે.

समकितीकी सुदृष्टिमें सहजरूप—એમ શબ્દ વાપર્યો છે ને! એટલે સહજ ધ્રુવરૂપ જ્ઞાયક ઉપર સમકિતીની દૃષ્ટિ હોવાથી વર્તમાન ઉત્પાદ-વ્યયના પરિણામ ઉપર પણ તેની દૃષ્ટિ નથી. ધ્રુવ તો વર્તમાન પરિણામથી પણ ભિન્ન છે.

અહીં તો માત્ર શરીર અને કર્મથી ભિન્નતા લીધી છે પણ તેનો અર્થ એ થયો કે ભગવાન આત્મા નિત્યાનંદ ધ્રુવરૂપ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ ત્યાં રાગાદિ પરિણામ પણ મારા નથી તો એ મારું કર્તવ્ય નથી એમ સાથે આવી જાય છે.

અજ્ઞાનીને તો મારું શું છે અને મારું કર્તવ્ય શું છે તેની જ ખબર નથી અને બીજાનાં કામ કરવા નીકળી પડ્યો છે. બીજાનું ભલું કરો...બીજાને મદદ કરો... પણ ભાઈ! બીજા એટલે તારાથી જે દ્રવ્ય ભિન્ન છે તેનું કામ તું કેવી રીતે કરી શકે? તું અને એ બંને એક થઈ જાઓ તો એ કાર્ય બની શકે પણ એમ તો બની શકતું નથી. શરીર પણ ભિન્ન દ્રવ્ય છે એવું જેને ભાન નથી તે શરીરની ક્રિયાનો કર્તા પોતાને માને છે. પુણ્ય-પાપના વિકલ્પ પણ મારા સ્વરૂપથી ભિન્ન છે એવું ભાન નથી તેથી અજ્ઞાની પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે.

આ તો વીતરાગનો ધર્મ છે ભાઈ! જેમાંથી વીતરાગભાવ ઉત્પન્ન થાય તે ધર્મ છે, રાગભાવ ઉત્પન્ન થાય તે ધર્મ નથી.

न्यारौ जीव न्यारौ कर्म न्यारौ ही शरीर है। હું જાણવા-દેખવાના સ્વભાવમયી જીવ છું, હું જડકર્મ અને શરીરથી ભિન્ન છું. હું તો કર્મ બાંધતો પણ નથી અને છોડતો પણ નથી કેમકે જે મારાથી ભિન્ન છે તેને હું કેમ બાંધું કે છોડું! પુણ્ય-પાપના વિકલ્પ મારી પર્યાયમાં થાય છે પણ તે આસ્રવતત્ત્વ છે. જીવ-તત્ત્વથી તે ભિન્ન છે. માટે રાગની ક્રિયા, કર્મની ક્રિયા અને શરીર એ બધું મારાથી ભિન્ન છે, હું તેનાથી ન્યારો છું.

जब सुद्ध चेतनको अनुभौ अभ्यासै तब, भासे आपु अचल न दूजो और सीर है। જ્યારે જીવ અંતરમુખ થઈને પોતાનો અનુભવ કરે કે 'હું તો જ્ઞાયક જ છું' 'આનંદમૂર્તિ છું' એવો અનુભવનો અભ્યાસ થાય ત્યારે પોતાનું અચળ

આત્મદ્રવ્ય જ પ્રતિભાસિત થાય છે. હું જ્ઞાનાનંદમૂર્તિ છું, મારી ઉપર બીજો કોઈ સીર એટલે સાથી અથવા ધણી નથી. મૂળમાં કર્મ અને શરીરથી જ ભિન્નતા કહી પણ અનુભવ કહ્યો છે તેથી ત્યાં તો રાગાદિથી પણ ભિન્નતા ભાસે છે. મારા ચૈતન્યસ્વભાવની સાથે દયા, દાન, ભક્તિ આદિ વિકલ્પનું પણ મિલાન થઈ શકતું નથી. રાગથી જુદા આત્માનો અનુભવ કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે.

'હું શુદ્ધ ચૈતન્યધાતુ છું' એવો વિકલ્પ નહિ, રાગ નહિ પણ એવો અનુભવ થાય છે. હું શુદ્ધ આનંદઘન છું એવો અંતર સન્મુખ થઈને અનુભવનો અભ્યાસ કરવો તે અભ્યાસ છે. શાસ્ત્રનો અભ્યાસ કે વ્રતનો અભ્યાસ કે કષાયની મંદતા કરવાનો અભ્યાસ કરવાનું ન કહ્યું કેમકે એ તો મિથ્યાત્વદશામાં અનંતવાર કરી ચૂકયો છે, તેનાથી ધર્મની શરૂઆત થતી નથી.

અજ્ઞાનીએ માની રાખ્યું છે કે પુણ્ય-પાપનો કર્તા હું છું, હું બીજાની દયા પાળું છું વગેરે...એમ અજ્ઞાની ભલે માને પણ રાગ અને આત્મા કદી એક થતાં નથી. બીજાને મદદ કરવી, દાન દેવું. બધાંને લાભ થાય એમ કરવું એમ કહે પણ કોણ કોનું કાર્ય કરી શકે ભાઈ! આ શરીરની આંગળી ચલાવવી એ પણ તારું કાર્ય નથી તો બીજા અન્ય દ્રવ્યનું કાર્ય તું કેવી રીતે કરી શકે!

पूरव करम उदै आइके दिखाई देइ, 'દેખાય' એમ કહ્યું છે એટલે પૂર્વકર્મનો ઉદય આવે ત્યારે તેને વશ થઈને જીવ રાગ-દ્વેષાદિ કરતો દેખાય છે પણ જ્ઞાની તેનાં કર્તા નથી. જ્ઞાનીને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેથી શુદ્ધ ચૈતન્યની સાથે રાગને મેળવતા નથી. રાગની ક્રિયાના જ્ઞાની કર્તા થતાં નથી અને રાગના સ્વામી પણ થતાં નથી. માત્ર જાણનાર રહે છે.

જે ભાવથી એક જીવનું હિત થાય છે એ જ ભાવથી બધાં જીવોનું હિત થાય છે માટે ધર્મ તો એકને જેનાથી થાય છે તેના વડે જ આખા સમાજને થાય છે. ધર્મનો માર્ગ બધાં માટે એક જ છે. દરેકને પુણ્ય-પાપના ઉદયમાં ફેર હોય, રાગમાં ફેર હોય, વિકલ્પમાં ફેર હોય પણ તે પોતાની ચીજ નથી. દરેકને તેનું જ્ઞાન થાય છે પણ જાણે છે કે તે મારી સત્તાની ચીજ નથી. રાગની સત્તામાં હું નથી અને મારી સત્તામાં રાગ નથી. રાગ એ મારું કાર્ય નથી.

શ્રોતા :—જ્ઞાનીને ખાલી જાણવું જ થાય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—ખાલી જાણવું એટલે ! જ્ઞાન અને આનંદમાં રહીને રાગનું જાણવું થાય છે. આત્મા રાગથી ખાલી છે પણ જ્ઞાનથી ખાલી નથી. જ્ઞાન અને આનંદથી ભરપૂર ભરેલો છે. તેમાં રહીને રાગાદિને માત્ર જાણે છે. જ્ઞાનીને ભક્તિના ભાવ આવે, પૂજાના ભાવ આવે, દયા, દાનના વિકલ્પ આવે...ભલે આવે પણ તે મારું કર્તવ્ય નથી. કેમકે મારી ચીજથી તે ચીજ ભિન્ન છે.

करता न होय तिन्हकौ तमासगीर है । જ્ઞાની રાગમાં આવીને રાગના કર્તા થતાં નથી માત્ર તેના તમાસગીર છે, જાણનાર-દેખનાર છે. શ્રાવકને પણ છ આવશ્યકના —પૂજા, ગુરુઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આદિ અનેક પ્રકારના શુભ-વિકલ્પ આવે છે પણ તેના કર્તા થતાં નથી, જાણનાર રહે છે. હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું. વિભાવ-વિકલ્પની વૃત્તિઓ આવે છે તો ભલે 'હો' પણ તે મારું સ્વરૂપ નથી.

ધર્મીની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર પડી છે તેથી રાગથી તો તે ભિન્ન જ પડી ગયા છે. જ્ઞાની સર્વ ભાવોના માત્ર તમાસગીર છે—દેખવાવાળા છે, કર્તા નથી. કેમકે તેમાં જ્ઞાનીને અહંબુદ્ધિ નથી. ધર્મની શરૂઆતમાં પણ આવી દશા હોય છે. અજ્ઞાની જીવે અનંતકાળમાં વ્રત, તપ આદિ કરી કરીને શરીર અનેકવાર સૂકવી નાખ્યું પણ અજ્ઞાનને સૂકવ્યું નહિ. તેથી અહીં તેને જીવ અને પુદ્ગલની જુદી જુદી પરખ કેમ કરવી તે હવેના કળશમાં બતાવે છે.

जैसैं उसनोदकमैं उदक सुभाव सीरौ,
आगकी उसनता फरस ग्यान लखियै ।
जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप,
लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै ॥
तैसैं घट पिंडमैं विभावता अग्यानरूप,
ग्यानरूप जीव भेद-ग्यानसौं परखियै ।
भरमसौं करमकौ करता है चिदानन्द,
दरब विचार करतार भाव नखियै ॥ १६ ॥

શું કહે છે જુઓ ! જેમ પાણી ગરમ છે તે વખતે પણ તેનો સ્વભાવ તો ઠંડો છે. પાણીમાં ઉષ્ણતા છે તે તો અગ્નિજનિત છે. સ્પર્શજ્ઞાનથી તે ઉષ્ણતા ઓળખી શકાય છે. કળશટીકામાં તો કહ્યું છે કે સ્વભાવગ્રાહીજ્ઞાનથી જાણી શકાય છે કે ઉષ્ણતા અગ્નિની છે અને પાણીનો સ્વભાવ તો ઠંડો છે. પોતાના સ્વભાવનું જ્ઞાન જેને થયું તેને પરના સ્વભાવનું પણ યથાર્થ જ્ઞાન થાય છે. જેને શરીર અને રાગથી ભિન્ન નિજ આત્માનું જ્ઞાન નથી, તેને પરનું જ્ઞાન પણ યથાર્થ થતું નથી. કળશટીકામાં ૬૦મા કળશના અર્થમાં ज्ञानादेव નો આ પ્રમાણે અર્થ કર્યો છે. મારો આત્મા જ્ઞાનાનંદ-સ્વરૂપ છે અને શરીર તથા રાગાદિ વિકલ્પથી ભિન્ન છે એવું ભેદવિજ્ઞાન જેણે કર્યું છે તે પાણીનો સ્વભાવ ઠંડો છે અને ઉષ્ણતા છે તે અગ્નિની છે એવું ભેદવિજ્ઞાન યથાર્થપણે કરી શકે છે.

આવું સ્વરૂપ છે ભાઈ! લોકો તો બહારમાં આમ કરવું ને તેમ કરવું એમાં આખી જિંદગી વીતાવી દે છે. તેને શરીર છૂટતાં કોઈ શરણ દેખાતું નથી. પોતાની સાથે તો એક કટકો પણ આવવાનો નથી ત્યાં બીજા કોનું શરણ ! અંદરમાં પોતાનું શરણ છે તે તો લીધું નથી તેનું શું થાય ?

દ્રવ્યદૃષ્ટિથી આત્મા કર્મનો કર્તા છે એ ભાવ જ ન હોવો જોઈએ. જ્યાં દ્રવ્યદૃષ્ટિ થાય છે ત્યાં તે રાગનો કર્તા નથી, રાગનો ભોક્તા નથી અને રાગને જ્ઞેય કરવું પડે છે એમ પણ નથી. હું ભગવાન જ્ઞાયકભાવ છું એવી દૃષ્ટિ થતાં તેને રાગ જ્ઞેયપણે જણાય છે. ત્રણલોકના નાથ વીતરાગ પરમાત્મા ઇન્દ્રોની અને ગણધર સંતોની હાજરીમાં આમ ફરમાવતા હતાં. સ્વર્ગના અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકના સ્વામી ઈશાન-ઇન્દ્ર અને મનુષ્યોના છખંડના સ્વામી ચક્રવર્તી વગેરે ઇન્દ્રો અને ગણધરો, મુનિઓ, શ્રાવકો વગેરેની ઉપસ્થિતિમાં ભગવાનની વાણી-દિવ્યધ્વનિમાં આમ આવતું હતું.

ભગવાન ! તારું જ્ઞાન યથાર્થ હોય તો જળનો સ્વભાવ ઠંડો છે એ તું ગરમ-પાણી વખતે પણ બરાબર જાણી શકીશ. તારું જ્ઞાન રાગથી ભિન્ન પડયું છે તો એ પાણીને પણ ગરમપણાથી જુદું જાણી લેશે. ઉષ્ણપણું એ પાણીનો વિભાવ છે, રાગ એ જીવનો વિભાવ છે. ज्ञानात् + एव એ શબ્દ મૂળ કળશમાં ત્રણેય લાઈનમાં લીધો છે. જ્ઞાનથી જ સ્વભાવ અન વિભાવનું ભેદજ્ઞાન થાય છે. જ્ઞાન એ મારો સ્વભાવ છે, રાગ તે મારો સ્વભાવ નથી. એવું ભેદજ્ઞાન કરવું તે તાત્પર્ય છે.

જેમ ગરમ વખતે પણ પાણીનો સ્વભાવ ગરમ નથી, પાણીનો સ્વભાવ તો ઠંડો છે તેમ ક્રોધ વખતે પણ જીવનો સ્વભાવ ક્રોધી નથી, જીવનો સ્વભાવ તો જ્ઞાન છે એમ

ભેદજ્ઞાનથી જ્ઞાનમૂર્તિ જીવ અને અજ્ઞાનરૂપ વિકારને જુદાં ઓળખી શકાય છે. જેને નિજસ્વરૂપનો બોધ થાય છે તેને જ ક્રોધાદિ ભાવો મારો સ્વભાવ નથી એવું જ્ઞાન થાય છે. કળશટીકામાં રાજમલજીએ તેને 'સ્વરૂપગ્રાહીજ્ઞાન' કહ્યું છે. સ્વભાવનું સ્વરૂપ-ગ્રાહી જ્ઞાન થયું છે તેને જ ક્રોધાદિ વિકાર મારા સ્વભાવથી ભિન્ન એવું જ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો જેને થાય તેને સરખું જ હોય છે. સિદ્ધનું સમ્યગ્દર્શન હો, કેવળીનું હો કે ચોથા ગુણસ્થાનવર્તી તિર્યંચનું હો—સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. જ્ઞાન પણ દરેકનું સરખું છે. કોઈને ઓછું અને કોઈને વિશેષ જ્ઞાન હોય પણ પ્રતીતિ અપેક્ષાએ તો બધાંને શ્રદ્ધા સરખી છે.

પાણીના દૃષ્ટાંતની જેમ, જીવનો સ્વભાવ પાણીના ઠંડા સ્વભાવની જેમ અતીન્દ્રિય આનંદમય શાંત સ્વભાવ છે અને રાગ, દ્વેષાદિભાવ પાણીમાં રહેલી અગ્નિની ઉષ્ણતા જેવા વિભાવ છે. મારો સ્વભાવ તો જ્ઞાનાનંદમય શાંત ઠંડો સ્વભાવ છે અને ક્રોધાદિભાવો તો અગ્નિની ઉષ્ણતાની જેમ ગરમ છે એવો જેને વિવેક પ્રગટ થયો છે, તે વ્યવહારમાં પણ વિવેક કરે છે. ગરમ પાણી હોવા છતાં તે તેના ઠંડા સ્વભાવને જાણી લે છે.

વ્રત કરે, તપ કરે કે ઉપવાસ કરે તેનાથી ધર્મ થતો નથી. આહાર હું લઈ શકું છું અને હું છોડું છું એમ માને છે તે તો જડનો સ્વામી થઈને મિથ્યાત્વભાવને પોષે છે. મારગ તો આવો છે ભાઈ! આ મારગની રુચિ થાય તેની લાઈન આખી ફરી જાય છે. દિશા ફરે તેની દશા ફરી જાય છે.

**जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप, लौनकौ सुवाद खारौ जीभ–ग्यान चखिये ।** દૂધી, ટીંડોરા, પરવળ, કંટોલા, તૂરિયા વગેરે બધાં શાકનો સ્વાદ તો અલગ અલગ હોય છે પણ દરેકમાં નાખેલાં મીઠાનો સ્વાદ તો ખારો જ છે તે ખારાપણા વડે શાકમાં મીઠું જુદું ચાખી લેવામાં આવે છે. જિહ્વા ઇન્દ્રિયના નિમિત્તથી જ્ઞાન શાક અને મીઠાના જુદાં જુદાં સ્વભાવને જાણી લે છે. આવો બોધ કોને થાય?—કે જેણે રાગના ખારા સ્વભાવને અને ચૈતન્યના મીઠાં સ્વભાવને જુદા જાણી લીધો છે. સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન કર્યું છે તેને વાસ્તવિકપણે મીઠાનો ખારો સ્વભાવ શાકથી જુદો છે તેનું જ્ઞાન થાય છે. જેને ખાવામાં ગૃદ્ધિ હોય તેને યથાર્થ જ્ઞાન થતું નથી તેને તો શાક જ ખારું થઈ ગયું છે એમ લાગે છે.

શ્રીમદ્ રાજચંદ્ર એકવાર રાણપરડા આવ્યા હતાં ત્યાં તેમની થાળીમાં દૂધીનું

શાક પીરસાયું કે તરત બોલ્યાં કે આ શાકમાં મીઠું વધી ગયું છે. દૂધીના રેસા છૂટા પડી ગયેલાં જોઈને મીઠાની વિશેષતા ચાખ્યા વગર પણ ખ્યાલમાં આવી ગઈ. જુઓ આ જ્ઞાનની ક્રિયા! જેને શાક આદિ પરદ્રવ્યમાં ગૃદ્ધિ છે તેને આવું જ્ઞાન થતું નથી. જેણે સ્વભાવ અને વિભાવ તથા શરીરાદિથી ભેદજ્ઞાન કર્યું છે તેને જ પરજ્ઞેયનું પણ યથાર્થજ્ઞાન થાય છે.

तैसैं घटपिंडमें विभावता अग्यानरूप, ग्यानरूप जीव भेद–ग्यानसौं परखियै। આત્માનો સ્વભાવ તો જ્ઞાનાનંદરૂપ છે અને પુણ્ય–પાપાદિનો વિકલ્પ તો અજ્ઞાનરૂપ છે, વિભાવરૂપ છે કેમકે તેમાં જ્ઞાન નથી. અને જ્ઞાનરૂપ ચૈતન્ય તો ચૈતન્ય.. ચૈતન્ય જાનન... જાનન...સ્વભાવી જીવ તો સ્વરસથી વિકસતી ચૈતન્યધાતુ છે. ચૈતન્યધાતુ તો નિત્ય છે પણ ભેદજ્ઞાનથી તેને વિભાવથી જુદી પારખી લે તેને સ્વરસનો વિકાસ થતો જાય છે.

स्वरसविकसित नित्य चैतन्यधातु—ચૈતન્યધાતુનું લક્ષ થતાં વિભાવથી ભેદજ્ઞાન તો થાય છે અને ક્ષણે ક્ષણે પર્યાયમાં જ્ઞાન વિકાસ પામતું જાય છે એ જ જ્ઞાન રાગ અને પોતાના સ્વભાવને ભિન્ન જાણે છે.

જુઓ! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ અજ્ઞાન (જ્ઞાનના અભાવરૂપ અજ્ઞાન) છે. પરદ્રવ્ય અનુસારી વિભાવ અજ્ઞાન છે. લોકો જેને પંચમહાવ્રત કહે છે તેને અહીં ભગવાન વિભાવ–અજ્ઞાન કહે છે. દુનિયાને ભગવાન સાથે ઝઘડો છે. જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્માનું લોકોને ભાન નથી એટલે જ્ઞાનાનંદથી વિરુદ્ધ એવા પુણ્ય–પાપ રાગનો પોતાને કર્તા માને છે. રાગમાં તો અંધારું છે. ચૈતન્યની જાગૃતદશાનો પ્રકાશ રાગમાં ક્યાંથી હોય! રાગ તો અંધકૂપ છે. આ અધિકારના જ ૧૧મા પદ્યમાં જીવને અનાદિકાળથી લાગેલા મિથ્યાત્વને અંધકૂપ—અંધારિયો કૂવો કહ્યો છે.

આ નાટક–સમયસારના પાના સારા છે, અક્ષર પણ મોટાં છે અને ભાવ પણ મોટાં છે તેથી મોટા ગ્રંથ જેવું લાગે છે. અલૌકિકભાવો અંદર સિદ્ધાંતમાં ભરેલાં છે.

જેમ પાણીમાં ઉષ્ણતા છે તે અગ્નિની છે, પાણીનો સ્વભાવ તો ઠંડો છે તેમ આત્મામાં પુણ્ય–પાપ છે તે વિભાવ–અજ્ઞાન છે, જીવનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે.

આ વાત તને એકાંત જેવી લાગતી હોય તો ભગવાનને જઈને કહે! આ કોઈ લૌકિકકથાની અને એકલી ક્રિયાની વાત નથી. ત્રણકાળ ત્રણલોકમાં રહેલાં પદાર્થોનું જ્ઞાન ઉપજાવવાની વિધિ ભગવાન જે બતાવે છે એવી વિધિ બીજે ક્યાંય

નથી. વીતરાગ પરમેશ્વરની વાત કોઈ અલૌકિક છે. આવું સ્વરૂપ સંપ્રદાયમાં પણ ક્યાંય નથી તો અન્યમતમાં તો ક્યાંથી હોય!

ભેદજ્ઞાનથી અજ્ઞાનરૂપ વિકાર અને જ્ઞાનમૂર્તિ જીવ જુદાં ઓળખી શકાય છે. જેમ શાકમાં મીઠાનો સ્વાદ જુદો છે અને શાકનો સ્વાદ જુદો છે તેમ, ભગવાન આત્મામાં નિજરસનો સ્વાદ આનંદમય છે અને વિભાવનો સ્વાદ દુઃખરૂપ છે તે ભેદવિજ્ઞાનથી બરાબર જુદાં પારખી શકાય છે. વિભાવનો સ્વાદ દુઃખરૂપ અને આકુળતામય કહ્યો. વ્રતાદિ શુભરાગમાં પણ આકુળતા છે. જો વ્રતાદિ શુભરાગમાં આકુળતા ન હોય અને શાંતિ હોય તો સિદ્ધને પણ વ્રત હોવા જોઈએ. પણ સિદ્ધને વ્રત નથી કારણ કે વ્રતાદિનો રાગ તો વિકલ્પ છે—વૃત્તિનું ઉત્થાન છે, તેમાં આકુળતા જ છે, સુખ નથી. માટે સિદ્ધનો આદર્શ બનાવીને લક્ષમાં લ્યો કે સિદ્ધમાં જે છે તે મારા સ્વભાવમાં છે અને સિદ્ધમાં જે નથી તે મારા સ્વભાવમાં પણ નથી.

વિભાવ અજ્ઞાનરૂપ છે અને જીવ જ્ઞાનરૂપ છે તે ભેદવિજ્ઞાનથી પારખી શકાય છે. રાગના વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું ભાન થાય ત્યાં બંનેની પરીક્ષા થઈ જાય છે.

**भरमसौं करमकौं करता है चिदानन्द,**—ભગવાન ચિદાનંદને પોતાના સ્વભાવનું ભાન નથી ત્યાં સુધી તે કર્મનો કર્તા ભ્રમના કારણે થાય છે. પુણ્ય-પાપના વિકલ્પનો કર્તા પણ ભ્રમથી થાય છે. માટે આત્માને રાગ અને કર્મનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે.

લોકો આ સમજે નહિ એટલે એમ કહે કે આ લોકો મંદિર બંધાવે, પૂજા કરે, ભક્તિ કરે, દયા-દાનાદિ બધું કરે અને પ્રરૂપણા એમ કરે કે પુણ્ય હેય છે. તેમને ખબર નથી કે એવા બધાં રાગના પ્રકાર આવ્યા વિના રહેતા નથી. તેને અમે કરતાં નથી પણ આવે છે તે જાણવા લાયક છે પણ તે આદરવાલાયક નથી. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી શુભરાગ આવે છે—હોય છે પણ તે જીવનું સ્વરૂપ નથી.

दरब विचार करतारभाव नास्वियै । દ્રવ્યદૃષ્ટિથી વિચારો તો, 'આત્મા રાગાદિ વિભાવનો કર્તા છે, કર્મનો કર્તા છે, શરીરની ક્રિયાનો કર્તા છે'—એવા ભાવ છોડી દેવા જોઈએ. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક વિભાવના કર્તાપણાની બુદ્ધિ છોડી દે તેના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. (ક્રમશઃ)

# 卐 નિજ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કર 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬૫ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તેના પ્રથમ અધિકારની આ ૯૭મી ગાથા છે.

**अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण ।**
**जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण ॥ ९७ ॥**

આત્મા એક વસ્તુ છે. તે શક્તિએ—દ્રવ્યે—સ્વભાવે પરમાત્મસ્વરૂપ જ છે તેનું ધ્યાન કરવાયોગ્ય છે. પરમાત્મસ્વરૂપના ધ્યાનથી ક્ષણમાત્રમાં મોક્ષપદ મળે છે.

ભાવાર્થ :—બધાં શુભાશુભ સંકલ્પ-વિકલ્પથી રહિત નિજ શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવાથી શીઘ્ર જ મોક્ષ મળે છે માટે, તે જ હંમેશા ધ્યાન કરવાયોગ્ય છે.

જુઓ ! ભાષા શું વાપરી છે ! નિજ શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન કરવાનું કહ્યું છે. અરિહંત કે સિદ્ધપરમાત્માનું ધ્યાન મુક્તિનું કારણ નથી કારણ કે પરદ્રવ્યનું લક્ષ થવાથી વિકલ્પ ઊઠે છે માટે તેનું ધ્યાન કરવાનું કહ્યું નથી.

શુભ અને અશુભ સંકલ્પ, વિકલ્પ છે તે ભાવ-આસ્રવ અને ભાવબંધ છે. તેનાથી રહિત શુદ્ધ ધ્રુવ આત્માનું ધ્યાન કરવું તે વર્તમાન નિર્મળ પર્યાય છે. વસ્તુના ધ્રુવ અંશમાં પરિણમન નથી. તેથી ધ્રુવમાં સંકલ્પ, વિકલ્પ પણ નથી અને નિર્મળ પરિણમન પણ તેમાં નથી. શુભાશુભ સંકલ્પ, વિકલ્પ એ પરલક્ષી વિકારી ભાવ છે તેને છોડી દઈને અંતરસ્વભાવ ઉપર લક્ષ કરે—ધ્રુવ ઉપર દૃષ્ટિ કરે તો અલ્પકાળમાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે દરરોજ કરવાયોગ્ય કાંઈ હોય તો નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવાયોગ્ય છે.

સંસાર સંબંધી સંકલ્પ-વિકલ્પ તો પાપબંધના કારણ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પુણ્યબંધના કારણ છે. તે બંનેથી રહિત શુદ્ધાત્માનું ધ્યાન કરવું તે શુદ્ધ પરિણામ છે, તે શુદ્ધ પરિણામ જ પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષનું કારણ છે.

શ્રોતા :—મોક્ષ થઈ ગયા પછી શું કરવાનું ?

પૂજ્ય ગુરુદેવ :—મોક્ષ થઈ ગયા પછી નિરંતર પૂર્ણાનંદનો અનુભવ કરવાનો છે. અનાદિથી જીવ નિરંતર વિકારનો અનુભવ...નિરંતર વિકારનો અનુભવ કરી રહ્યો છે

તેનું જ નામ સંસાર છે તેમ નિરંતર પૂર્ણાનંદનો અનુભવ...નિરંતર પૂર્ણાનંદનો અનુભવ કરતાં રહેવું તેનું નામ મોક્ષ છે. સંસાર અને મોક્ષ વચ્ચેના સાધકદશાના કાળમાં વિભાવથી ખસીને જીવ સ્વભાવ સન્મુખ થઈને સ્વભાવનું ધ્યાન કરે છે તેમાં અધૂરા આનંદનો અનુભવ થાય છે. એવું ધ્યાન કરતાં કરતાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ જાય અને તે સદાકાળ રહે તેનું જ નામ મોક્ષ છે.

નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના સર્વ સંસારી જીવો શું કરી રહ્યા છે! શેને અનુભવે છે?—કે સુખ-દુ:ખની કલ્પનારૂપી દુ:ખને અનુભવે છે. એટલે કે શરીરના રોગાદિને કે અનુકૂળતાને અનુભવતા નથી પણ શુભાશુભ સંકલ્પ-વિકલ્પરૂપ દુ:ખને અનુભવે છે. અનાદિથી જીવ વિકારના દુઃખને જ વેદી રહ્યો છે તે દુ:ખ હવે કેમ મટે?

જો તારે દુ:ખ મટાડીને સુખી થવું હોય—પૂર્ણાનંદનો અનુભવ કરવો હોય તો નિજશુદ્ધાત્મા પૂર્ણાનંદ ભગવાન પોતે જ છે તેમાં દૃષ્ટિ લગાવ!—તેનું ધ્યાન કર! નિર્મળ પર્યાય વડે જ તે ધ્યાન થઈ શકશે. કારણ કે અનાકુળ વસ્તુનું ધ્યાન અનાકુળ પર્યાય વડે જ થાય. ધ્યાનમાં આનંદ ઓછો છે અને તેના ફળરૂપ મોક્ષમાં પૂર્ણાનંદ આવશે અને સદાકાળ એવો આનંદ આવ્યા જ કરશે.

શ્રોતાઃ—ખોળિયામાંથી આત્માને જાગૃત કરવો પડશે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—ખોળિયું તો જડ માટી છે. તેમાં આત્મા નથી. આત્મા તો આત્મામાં છે. પણ અનાદિથી પુણ્ય-પાપ, કામ-ક્રોધ, માન-માયા, મિથ્યાભ્રાંતિ આદિનું કરવું અને વેદવું કરી રહ્યો છે તે પરનું ધ્યાન છે. તેનાથી તેને સંસાર ફળે છે એટલે ચારગતિમાં રખડવું પડે છે. તેને આચાર્યદેવ કહે છે કે જો હવે તારે આ દુ:ખથી છૂટીને સ્વાધીનપણે સુખી થવાની દશા પ્રગટ કરવી હોય તો તારો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, તેનું ધ્યાન કર! જેવી પરમાં એકાગ્રતા છે તેવી એકાગ્રતા નિજવસ્તુમાં કર તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થશે અને તેનાં ફળમાં પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ પ્રાપ્ત થશે અને દુ:ખરૂપ એવા વિભાવનો સર્વથા ક્ષય થશે.

આત્મામાં પૂર્ણાનંદનું સત્ત્વ રહેલું છે તે પર્યાયમાં પ્રગટ થઈ જાય તેનું નામ 'મોક્ષ' છે. એકવાર એવી પૂર્ણ શુદ્ધદશા પ્રગટ થઈ તેનો અનુભવ આદિ અનંતકાળ થયા જ કરશે. જેમ અનાદિથી સંસારદશા અનુભવતો હતો તેમ હવે મોક્ષદશાનો અનુભવ કર્યા જ કરશે. દ્રવ્ય તો ત્રણેકાળ ધ્રુવ ચિદાનંદતત્ત્વ જેમ છે તેમ જ રહે છે પણ બહિર્મુખદૃષ્ટિથી સંસાર ફળે છે અને અંતર્મુખદૃષ્ટિથી મોક્ષ ફળે છે. મિથ્યાશ્રદ્ધા,

राग अने द्वेष परिणामनुं वेदन ए संसार छे अने मारो आनंद मारामां छे एम अंतरदृष्टि करीने अंतरमां एकाग्र थवुं ते आत्मानुं ध्यान छे. तेने ज मोक्षनो मार्ग कहेवाय छे. सम्यग्दर्शन, सम्यग्ज्ञान अने सम्यक्चारित्र ए त्रणेय आत्माना ध्याननी ज पर्याय छे. तेना फळमां पूर्णानंदरूप मोक्ष प्रगट थाय छे जेनो अनुभव जीव सदाय कर्या ज करशे पण तेनो अंत नहि आवे.

मोक्षमार्गी—धर्मीजीव पैसा, आबरू, मकान आदिने विष्टा समान माने छे. अमृत समान एक आत्मा छे एम जाणे छे. अहो ! आत्माना ध्यानथी क्षणमां मोक्ष मळे छे ! माटे आत्मानुं ज ध्यान करवालायक छे. आवी ज वात 'बृहद्‌आराधना' नामना शास्त्रमां कही छे. आत्मानी आराधना एटले सेववानुं शास्त्र छे, तेमां कह्युं छे के चोवीशमांथी प्रथम सोळ तीर्थंकरोने जे समये केवळज्ञान थयुं ए ज समये एवा साधु थयां के साधुपणुं लीधुं अने तरत ज केवळज्ञान थयुं अने अंतरमुहूर्तमां तो मोक्ष चाल्या गयां. ऋषभदेवथी मांडीने शांतिनाथ भगवानने केवळज्ञान थयुं अने ज्यां वाणी छूटी त्यां केटलाक जीवो साधु थई गयां अने तेमांथी केटलाक तो त्यां ने त्यां ज केवळज्ञान पामीने अंतरमुहूर्तमां मोक्षमां गयां. भगवाननो मोक्ष तो पछी थयो पण भक्तो पहेलां भगवान थई गया.

आहाहाहा...! जे हजु तो छद्मस्थ साधु थयां त्यां तो अंतर्मुहूर्तमां केवळज्ञान अने अंतर्मुहूर्तमां मोक्ष पामी गया ! एटली आत्मामां ताकात छे ! रोदडां रोवा जेवुं आत्मामां कांई छे ज नहि.

सोळ पछीना चार तीर्थंकरोना समयमां साधु थया ते कोई एक महिने, कोई बे महिने के कोई छ महिने मोक्ष गयां. नमिनाथ भगवानना समयमां साधु, कोई एक वरसे, कोई बे वरसे अने कोई त्रण वरसे अने छ वरसे मोक्ष पाम्यां. 'त्रिलोक परिणति'मां आ बधो विस्तार बहु आप्यो छे. सोळ तीर्थंकरना समयना साधु तो केटलाक तरत ज अंतर्मुहूर्तमां मोक्ष गया. पछीना चार भगवानना समयना साधु छ महिनानी अंदर मोक्ष गया. अहा ! ए काळ केवो ! ए पुरुषार्थनी उग्रता केवी ! अहा, आवो मोक्ष आटलां टूंका टाईममां थई जाय ! आवो मोक्ष अमने केम थतो नथी ? एम हमणां शिष्य पूछशे.

अहीं शिष्य प्रश्न करे छे के 'जो परमात्माना ध्यानथी अंतर्मुहूर्तमां मोक्ष थाय छे तो अत्यारे ध्यान करवावाळा अमने केम मोक्ष थतो नथी ?' आम कहीने ए वात करी छे के ध्यान तो अमे पण करीए छीए. आ काळे ध्यान नथी एवुं तो नथी.

નિર્વિકલ્પ ધ્યાન તો અમે કરીએ છીએ તો અમને અંતર્મુહૂર્તમાં મોક્ષ કેમ મળતો નથી? સાધુ કહે છે, ચિદાનંદમૂર્તિ શુદ્ધાત્માનું ધ્યાન તો અમે પણ કરીએ છીએ છતાં મોક્ષ થતો નથી, તો શું અમારું ધ્યાન ઓછું હશે!

શિષ્યના પ્રશ્નનું સમાધાન આ છે કે જેવું નિર્વિકલ્પ શુક્લધ્યાન વજ્રવૃષભ-નારાચસંહનનવાળાને ચોથા કાળમાં હોય છે તેવું આ કાળમાં થઈ શકતું નથી. વજ્રવૃષભનારાચસંહનનવાળા શરીરની શક્તિ બહુ હોય છે તેવું શરીર પંચમકાળમાં હોતું નથી. બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે. "अत्रेत्यादि" તેનો અર્થ આ છે કે સર્વજ્ઞ-વીતરાગદેવ આ ભરતક્ષેત્રમાં આ પંચમકાળમાં શુક્લધ્યાનનો નિષેધ કરે છે. આ કાળમાં શુક્લધ્યાન થઈ શકતું નથી, ધર્મધ્યાન થઈ શકે છે...ધર્મધ્યાનમાં પણ શુક્લ-સ્વરૂપમાં એકાગ્રતા થાય છે, શુભરાગરૂપ ધ્યાન હોતું નથી. શુભજોગને કોઈ ધ્યાન કહે તો તે યથાર્થ નથી. અહીં તો ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં એકાગ્રતામાં ફેર છે એમ બતાવવું છે. ધર્મધ્યાનમાં એકાગ્રતા ઓછી છે તેથી તેનાથી મોક્ષ થતો નથી. શુક્લધ્યાન ઘણું જ ઉજ્જવળ હોય છે, તેની એકાગ્રતા પણ ઘણી છે, તેનાથી જ મોક્ષ થાય છે.

ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એ બન્ને આ કાળમાં આવી શકતી નથી. ગુણસ્થાન પણ સાતમા સુધી હોય છે તેનાથી ઉપરના ગુણસ્થાન હોતાં નથી. આ કાળમાં કોઈ મુનિ હોય તેને સાતમું ગુણસ્થાન હોઈ શકે છે પણ તેનાથી વિશેષ ગુણસ્થાન આવતું નથી.

અહીં તાત્પર્ય એ છે કે પરમાત્માના ધ્યાનથી અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય છે માટે સંસારની સ્થિતિ ઘટાડવા માટે અત્યારે પણ ધર્મધ્યાનનું આરાધન કરવું જોઈએ. જેનાથી પરંપરા મોક્ષ મળી શકે છે. तदेव ध्यातव्यमिति भावार्थ : તદેવ = ધર્મ-ધ્યાનનું આરાધના કરવા જેવું છે જેથી સંસારની સ્થિતિ ઘટીને ભવિષ્યે શુક્લધ્યાન થતાં સંસારનો અભાવ થઈને મોક્ષ પ્રાપ્ત થશે. શુભજોગને ઉપચારથી ધર્મધ્યાન કહે છે પણ કોને? કે જેને અંતરમાં શુદ્ધાત્માની દૃષ્ટિ પ્રગટી છે, એમાં એકાગ્રતા કરે છે એવા ધ્યાનીને જે શુભ વિકલ્પ આવે છે તેને વ્યવહાર-ધર્મધ્યાન કહેવાય છે, જે પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયધ્યાન તો આત્મામાં એકાગ્રતા થવી તે જ છે. એકાગ્રતાની અલ્પતા તે ધર્મધ્યાન છે અને એકાગ્રતાની ઉગ્રતા તે શુક્લધ્યાન છે. ધર્મધ્યાનમાં ઉજ્જવળતા

ઓછી છે અને શુકલધ્યાનમાં ઉજ્જવળતા વિશેષ છે અને શુભજોગ તો મલિન છે માટે તે ખરેખર ધ્યાન નથી, તેનાથી પરંપરા મોક્ષ ન મળે.

અત્યારે કોઈને શાસ્ત્રનો અભ્યાસ નહિ. ધંધામાં ગૂંચવાયેલાં હોય એમાંથી માંડ એક બે કલાક સાંભળવા જાય ત્યાં ગુરુ તેને શુભજોગથી પરંપરા મોક્ષ થશે એવો સહેલો રસ્તો બતાવે એટલે તરત રુચિ જાય. પણ શુભરાગથી ધર્મ ન થાય, પુણ્ય થાય. વ્યવહારે તેને ધર્મ કહેવાય પણ નિશ્ચયથી તે પુણ્ય જ છે. વ્યવહાર પણ કોને ? કે જેને નિશ્ચયધર્મધ્યાન હોય તેને જે શુભભાવ છે તેને વ્યવહારધર્મ કહેવાય છે. ધર્મધ્યાનમાં આત્મામાં એકાગ્રતા થોડી છે તેથી મોક્ષ થતાં અલ્પકાળ લાગે છે. શુકલધ્યાનમાં એકાગ્રતા વિશેષ છે તેથી તુરત કેવળજ્ઞાન પામે છે.

તદેવ શબ્દમાં ધર્મધ્યાનની વાત કરી છે. ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં તારતમ્યતા છે એટલે હીનાધિકતા છે પણ જાત તો એક જ છે. ધર્મધ્યાન ગૃહસ્થાશ્રમમાં પણ હોય શકે છે. આત્માની દૃષ્ટિ થઈ છે અને જેટલી સ્થિરતા છે એટલી એકાગ્રતા તો સદાય છે અને કોઈ વખતે ઉપયોગરૂપ પણ થઈ જાય છે. સમજાણું કાંઈ ? આવા ધર્મધ્યાનયુક્ત જીવને પરંપરા મોક્ષ મળે છે.

ભગવાન એકલો આનંદસાગર ભર્યો છે તેના ઉપર મીટ માંડ અને તેમાં એકાગ્રતા કર એનું નામ ધર્મધ્યાન છે, તે અપૂર્ણચારિત્ર છે. સ્થિરતા પૂર્ણ થઈ જતાં યથાખ્યાતચારિત્ર અને કેવળજ્ઞાન થઈ જાય છે. ધર્મધ્યાનનો કાળ વધારે હોય છે પણ શુકલધ્યાનનો કાળ થોડો હોય છે. તેથી અહીં ક્ષણમાં મોક્ષ થાય એમ લખ્યું છે. શુકલધ્યાનમાં ક્ષણમાં મોક્ષ થાય છે. ત્યારે વજ્રનારાચસંહનનું નિમિત્ત પણ હોય છે. આ કાળે વજ્રનારાચસંહનનું નિમિત્ત પણ નથી અને શુકલધ્યાન પણ નથી. ધર્મધ્યાન છે તેથી પરંપરા મોક્ષ થાય છે એમ કહ્યું છે. ધર્મધ્યાનથી ભવકટી કરી આરાધક જીવ અલ્પકાળમાં મુક્તિ પામે છે.

આ ૯૭ ગાથા થઈ. હવે ૯૮મી ગાથા કહે છે.

अप्पा णिय-मणि णिम्मलउ णियमें वसइ ण जासु ।
सत्थ–पुराणई तव–चरणु मुक्खु वि करहिं कि तासु ॥ ९८ ॥

અહીં કહે છે કે જેના રાગરહિત મનમાં શુદ્ધાત્માની ભાવના નથી તેને શાસ્ત્ર, પુરાણ, તપશ્ચારણ આદિ શું કરી શકે છે ? અર્થાત્ કાંઈ કરી શકતા નથી.

શુદ્ધ ચિદાનંદ આનંદકંદ અખંડ આત્માની જેને ભાવના એટલે એકાગ્રતા નથી અર્થાત્ રાગરહિત શુદ્ધ પરિણતિ નથી તેને શાસ્ત્ર કે પુરાણ આદિ શું કરી શકે! તે તપશ્ચરણ કરે તેનાથી પણ શું? નિર્મળ શુદ્ધ ચિદાનંદ આત્મામાં જેની દૃષ્ટિ ગઈ નથી, જેના જ્ઞાનમાં નિર્મળ આત્મા નથી એટલે કે શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં 'આ આત્મા' એમ વસ્યો નથી—આત્માનું ભાન થયું નથી તેને શાસ્ત્ર આદિ શું કરી શકે! શાસ્ત્રનું જ્ઞાન, પુરાણની કથાઓનું જ્ઞાન અને વ્રત, તપ આદિ શું તેને મોક્ષ કરાવી શકે! ક્યારેય ન કરાવી શકે. તેનો અર્થ એ થાય છે કે શુદ્ધ ચિદાનંદ પ્રભુને જેણે દૃષ્ટિમાં લીધો છે તેની મુક્તિ થાય છે. શુદ્ધાત્માની દૃષ્ટિ વિના શાસ્ત્રનું ભણતર કે તપશ્ચરણ આત્માનું કલ્યાણ કરતા નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો મેરુ છે, ચૈતન્યસૂર્ય છે. તેની જેને રાગરહિત નિર્વિકલ્પ શાંતરૂપ શુદ્ધભાવના થઈ છે તેની મુક્તિ થાય છે. એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ શુદ્ધભાવના તે મુક્તિનું કારણ છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ વીતરાગી શાંતિનો પિંડ છે. નિર્દોષ અભેદ અનંત શાંતિનો પિંડ છે. તેની જેને ભાવના નથી તેના વ્રત, તપ કે શાસ્ત્રભણતર આદિ બધું નિરર્થક જાય છે.

શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા જેણે દૃષ્ટિમાં વસાવ્યો નથી, આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેને પ્રગટ થયું નથી તેને આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના એકલું શાસ્ત્રનું ભણતર અને તીર્થંકર, ચક્રવર્તી આદિ મહા પુરુષોના જીવનચારિત્રનું જ્ઞાન હોય તે તેને મુક્તિ પ્રાપ્ત કરાવતું નથી, ફોગટ જાય છે. અહિંસા, વ્રત, તપ, જપ પણ અનુભવ વિના વ્યર્થ છે.

આ સાંભળી શિષ્યને પ્રશ્ન થાય છે કે શાસ્ત્રભણતર આદિ બિલકુલ નિરર્થક જાય છે?

તેનું સમાધાન ગુરુ કરાવે છે કે બિલકુલ નિરર્થક તો નથી પણ, વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માની ભાવના સહિત હોય તો તો શાસ્ત્રજ્ઞાન, તપશ્ચરણ આદિ મોક્ષના બાહ્ય સહકારીકારણ છે અને જો તે વીતરાગ સમ્યક્ત્વના અભાવરૂપ હોય તો પુણ્યબંધના કારણ છે અને જો મિથ્યાત્વ રાગાદિ સહિત હોય તો તે પાપબંધના કારણ છે. જેમ કે રુદ્ર વગેરે વિદ્યાનુવાદ નામના દશમા પૂર્વ સુધી શાસ્ત્રભણતર કરીને ભ્રષ્ટ થઈ જાય છે.

શુદ્ધ ચૈતન્યમૂર્તિનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન તે વીતરાગી સમ્યક્ત્વ છે અને તેની

ભાવના એટલે તેમાં એકાગ્રતા સહિત જો શાસ્ત્રનું ભણતર, પુરાણનું જ્ઞાન અને તપશ્ચરણ હોય તો તે મોક્ષના નિમિત્તકારણ કહેવાય છે. જુઓ ! સમ્યક્ત્વ સાથેના આ પરિણામ કહ્યાં છે. સમ્યક્ત્વ પહેલાં આવા પરિણામ હોય અને પછી સમ્યક્ત્વ થાય એમ કહ્યું નથી. પહેલાં શુભરાગરૂપ ધર્મધ્યાન હોય અને પછી શુક્લધ્યાન થાય, એમ નથી.

પહેલાં શાસ્ત્રજ્ઞાન અને વ્રત, તપાદિના પરિણામ હોય તો તેના ફળમાં વીતરાગી સમ્યક્ત્વ થાય એમ પણ નથી. વીતરાગસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો અનુભવ અને તેની ભાવના હોય તેને શાસ્ત્રનું ભણતર આદિ બાહ્ય સહકારીકરણ અથવા નિમિત્ત કહેવામાં આવે છે. બાકી આત્માની દૃષ્ટિ વિનાના ભણતર કાંઈ કામના નથી, નિમિત્ત પણ નથી. નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. નિશ્ચયની સાથે જ વ્યવહાર હોય છે.

શુદ્ધ ચૈતન્યની નિર્વિકલ્પ એકાગ્રતાની નિર્વિકલ્પ વીતરાગી પર્યાયની સાથે રહેલો શાસ્ત્ર ભણતરનો વિકલ્પ કે પંચમહાવ્રત આદિનો વિકલ્પ કે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ મોક્ષમાર્ગમાં સહકારીકારણ તરીકે ગણવામાં આવે છે. વીતરાગીપર્યાય તે અંતરંગકારણ છે અને આ વ્યવહાર તે બહિરંગકારણ છે.

શુદ્ધ ઉપાદાન તે અંતરંગકારણ અને વ્યવહાર તે બહિરંગકારણ છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ દૃષ્ટિ જ્ઞાન અને રમણતા એ મોક્ષનું અંતરંગકારણ છે અને તેની સાથે જો આવા વિકલ્પ હોય તો તેને બાહ્યમાં સાથે રહેલાં—બહિરંગકારણ કહેવાય છે. તે અંતરંગ પરિણામમાં ભળી જતાં નથી. શુદ્ધ પરિણામ તો મોક્ષના અભ્યંતરકારણ છે તેની સાથે શુભવિકલ્પ હોય તો તે બાહ્યકારણ કહેવાય પણ અભ્યંતરકારણ વિનાના એકલા શુભરાગ અને જ્ઞાનનો ઉઘાડ તો ફોગટ છે.

અહા ! વીતરાગમારગ કોઈ અલૌકિક છે પણ અનંતકાળથી તેને લક્ષમાં લીધો નથી. કેવલીપણ્ણતો ધમ્મો શરણં...ઘણીવાર બોલ્યો હશે પણ કેવલીકથિત ધર્મનું શરણ એકવાર પણ એણે લીધું નથી.

આત્માના અનુભવ વિનાના શુભરાગનું કાંઈ મહત્ત્વ ન આપવું તો શિષ્યને એમ થાય છે કે તેને કાંઈક તો માર્ક આપો, ત્યારે ગુરુ કહે છે ભાઈ ! સાંભળ આત્માના નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાની સાથે જો શાસ્ત્રજ્ઞાન, વ્રતાદિ આચરણ છે તો તે મોક્ષના નિમિત્તકારણ છે એટલા માર્ક તેને મળે છે. નિમિત્ત છે એટલું જ. બાકી મૂળ નિશ્ચયનો માલ ભર્યા વિના તો વ્યવહાર કે નિમિત્ત પણ તેને કહેવાતું નથી. માલ ભર્યા વિના કોથળાને શેનો કહેવો ! તેમ નિશ્ચય વિનાના વિકલ્પને કોનો વ્યવહાર

કહેવો ? ચોખા, ઘઉં કે દાળ કાંઈક ભરો તો કોથળાને ચોખાનો, ઘઉંને કે દાળનો કોથળો કહેવાય તેમ શુદ્ધ ચિદાનંદસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન, રમણતા હોય તો સાથેના શુભરાગને નિમિત્ત કહેવાય છે—વ્યવહાર કહેવાય છે. નિશ્ચય વિના વ્યવહાર કહેવાતો નથી.

બાપુ ! આ મોક્ષના મારગે ચાલવું એ કાંઈ લોલા-પેથાનું કામ નથી. વસ્તુ પોતે પરમાત્મસ્વરૂપ છે તેવું પર્યાયમાં પ્રગટ કરવા માટે એવા આખા અખંડસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને નિર્વિકલ્પ ધ્યાનની પરિણતિ કરે તો તેને મુક્તિની-પૂર્ણદશાની પ્રાપ્તિનું કારણ થાય છે. બાહ્યમાં વ્રતાદિના વિકલ્પ હોય, શાસ્ત્રનું જ્ઞાન હોય, દેવ, ગુરુની શ્રદ્ધા હોય એ બધું મોક્ષનું નિમિત્તકારણ કહેવાય છે.

પંચાસ્તિકાયમાં પણ જે સાધન-સાધ્યની વાત આવે છે તેનો અર્થ પણ આ રીતે બેસાડે તો બેસે. બીજી રીતે બેસે તેમ નથી.

અખંડ શુદ્ધ ચિદાનંદમૂર્તિના સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાનનો અભાવ હોય અને શાસ્ત્ર ભણતર, પુરાણ આદિનું જ્ઞાન હોય અને વ્રતાદિના પરિણામ હોય તો તે પુણ્યબંધનું કારણ થાય છે. નિશ્ચય તો નથી પણ શુભરાગ છે તેથી પુણ્ય બંધાય છે. મિથ્યાત્વ સહિતના પુણ્યપરિણામની આ વાત છે અને જો મિથ્યાત્વ સહિત તીવ્ર રાગપૂર્વક એવા પરિણામ હોય તો તે પાપબંધનું કારણ થાય છે. પરિણામમાં પાપ હોવાથી બંધન પણ પાપનું થાય છે.

અહીં આ વાત ચાર બોલથી સમજાવી.

૧. શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ વિના શાસ્ત્રજ્ઞાન, વ્રતાદિ બધું વ્યર્થ છે.

૨. બીજી રીતે કહ્યું કે અંતરંગ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પરિણતિ સહિત શાસ્ત્રજ્ઞાન, પુરાણ, વ્રતાદિના પરિણામ હોય તો તે મોક્ષના સહકારીકારણ છે.

૩. આત્માના ભાન વિના એકલા શાસ્ત્રભણતર, વ્રતાદિના પરિણામ હોય તો તે પુણ્યબંધના કારણ છે અને

૪. ચોથું કહ્યું કે મિથ્યાદૃષ્ટિ સહિત નિદાન આદિ પાપ પરિણામપૂર્વક વ્રતાદિનો બાહ્ય ક્રિયાકાંડ કરે છે તે એકલું પાપ જ બાંધે છે.

આ ચારેય બોલનો સાર એ છે કે પરમાત્માને સ્પર્શ્યા વિનાનું બધું ખોટું છે. પરમાત્મસ્વરૂપને વેદે-સ્પર્શે તો સાથે રહેલાં શુભરાગને મોક્ષનું નિમિત્તકારણ કહેવાય છે. એ વિના તો તેને નિમિત્તકારણ પણ કહેવાતું નથી. બાહ્ય આચરણ કરે પણ અંદર

અભિપ્રાયમાં ભોગની વાંછા હોય, નિદાન હોય તો તો એ એકલું પાપબંધનું જ કારણ થાય.

હવે, આગળની ગાથામાં કહે છે કે જે ભવ્ય જીવોએ આત્મા જાણી લીધો તેણે બધું જાણી લીધું. અખંડાનંદ ચૈતન્યવસ્તુના ભાન વિના લૌકિકમાં સંતો-મહંતો મંદકષાયથી પુણ્ય બાંધે છે પણ તેનાથી આત્માને જરાય લાભ થતો નથી. અનેક પ્રકારની મિથ્યામાન્યતા તો અંદરમાં પડી હોય તેના શુભપરિણામ પણ સામાન્ય હોય છે એમાં કાંઈ નહિ. અહીં તો કહે છે કે ત્રણકાળ ત્રણલોકના નાથ ભગવાને જેવો આત્મા જોયો તેવો આત્મા જેણે અંતરથી જાણી લીધો તેણે બધું જાણી લીધું.

जोइय अप्पें जाणिएण जगु जाणियउ हवेइ ।
अप्पहँ केरइ भावडइ बिंबउ जेण वसेइ ॥ ९९ ॥

હે યોગી!—શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિવાળા હે યોગી! એક પોતાના આત્માને જાણવાથી આ ત્રણલોક જણાય છે. કારણ કે આત્માના જ્ઞાનમાં બધાંનું જ્ઞાન આવી જાય છે. "સબ આગમભેદ સુઉર બસે..." શાસ્ત્રને શું કહેવું છે તે બધું એના જ્ઞાનમાં આવી જાય છે તેથી કહ્યું કે 'આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું'.

આત્માને જાણે તેને જ કેવળજ્ઞાન થાય છે અને કેવળજ્ઞાનમાં આખો લોક પ્રતિબિંબિત થાય છે. આત્માના જ્ઞાન વિના નવપૂર્વ ભણે તોપણ કાંઈ જણાતું નથી. નવપૂર્વનો ઉઘાડ પણ પછી તો ચાલ્યો જાય છે અને જીવ નિગોદમાં પણ જાય છે અને આત્માનું જ્ઞાન થયું તેને બહારમાં એકેય અંગનું જ્ઞાન ન હોય તોપણ તેને કેવળજ્ઞાન થશે અને તેમાં ત્રણકાળ ત્રણલોક પ્રતિબિંબિત થઈ જશે. आत्मनः संबंधिनि ભાવેનો આ અર્થ કર્યો અને બીજા પણ ઘણાં અર્થ તેમાંથી ઉતારશે.

ભાવાર્થ:—વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનથી શુદ્ધાત્મતત્ત્વને જાણવાથી સમસ્ત બાર અંગના શાસ્ત્ર જાણવામાં આવે છે. રાગ વિકલ્પ છોડી દઈને આત્માના સ્વસંવેદન જ્ઞાન વડે જેણે આત્માને જાણ્યો તેને બાર અંગનું જ્ઞાન થઈ જાય છે. બાર અંગમાં સાર એ કહેવો છે કે 'આત્માની વીતરાગ દૃષ્ટિ કર! આત્માનું જ્ઞાન કર!' એ કાર્ય જેણે કર્યું તેને બાર અંગનો સાર અંતરમાં પ્રગટ થઈ ગયો. માટે તેને નિશ્ચય શ્રુતકેવળી પણ કહેવાય. બાર અંગનું જ્ઞાન થાય ત્યારે વ્યવહાર શ્રુતકેવળી કહેવાય. બાર અંગમાં કહેલો ભાવ જેને પ્રગટ થયો છે તેને ભવિષ્યમાં બાર અંગનું જ્ઞાન પણ પ્રગટ થશે.

(ક્રમશઃ)

## સુવર્ણપુરી સમાચાર :—

[ તા. ૨૫-૩-૯૬ ] —તંત્રી

* આ યુગમાં સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મતીર્થના પ્રણેતા, આ યુગના સ્વાનુભૂતિના માર્ગપ્રકાશક, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કૃપા-પ્રસાદથી જેમણે ૧૮ વર્ષની નાની ઉંમરમાં અનંત-ભવપરિભ્રમણનો અંત કરી દેનાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર તેમ જ પોતાના અસાધારણ જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિ વડે, ભગવાન શ્રી સીમંધર-સ્વામીની દિવ્યધ્વનિમાં સાંભળેલી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની 'ભાવિ-તીર્થંકરદ્રવ્ય'ના રૂપમાં સાતિશય મહિમાની પ્રસિદ્ધિ દ્વારા પોતાના અનંત-ઉપકારી ગુરુ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૬૪મી સમ્યક્ત્વ-જયંતી ( ફાગણ વદ દશમ ) જામનગર નિવાસી શ્રી દોલતરાય માણેકચંદ મહેતા–પરિવાર (હસ્તે શ્રી પુષ્પાબેન, મહેશભાઈ તથા જયેશભાઈ) તરફથી તા. ૧૦–૩–૯૬ થી તા. ૧૪–૩–૯૬— પાંચ દિવસ, તેઓશ્રીના અસીમ ઉપકારોની પાવન સ્મૃતિ સહિત સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવવામાં આવી. [ સમ્યક્ત્વજયંતી ઉજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાની ખુશાલીમાં તેઓ તરફથી રૂા. ૫૧૦૦૦/— જાહેર કરવામાં આવ્યા હતા. ] આ સમ્યક્ત્વ જયંતી મહોત્સવમાં ૬૦૦ થી વધુ મુમુક્ષુઓની ઉપસ્થિતિ હતી.

આ મંગલ અવસરે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા ઉપરાંત શ્રી હિંમતભાઈ ડગલી, ડો. પ્રવિણભાઈ દોશી તેમ જ બ્ર. વ્રજલાલભાઈ શાહના શાસ્ત્ર-પ્રવચન રાખવામાં આવ્યા હતા.

આ માંગલિક પ્રસંગે સંસ્થાને નીચે પ્રમાણે આવક થઈ :—

| | |
|---|---|
| '૬૪'ના અંકમાં ૬૪ × ૮૭૦ | રૂા. ૫૫,૬૮૦=૦૦ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજામાં | રૂા. ૧,૦૦૧=૦૦ |
| ભોજનમાં | રૂા. ૩૧,૦૦૦=૦૦ |
| આરતીમાં ૭૪૬ મણ | રૂા. ૧,૮૬૫=૦૦ |
| અન્ય શુભ ખાતામાં | રૂા. ૨૪,૩૧૧=૦૦ |
| પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ચિત્રપટ સમક્ષ | રૂા. ૩૮,૧૦૧=૦૦ |
| સમવસરણ–સ્તુતિ–શિલાપટ લગાડવાની ખુશાલીમાં | રૂા. ૧૮,૨૩૨=૦૦ |
| | કુલ રૂા. ૧,૭૦,૧૯૦=૦૦ |

સમ્યક્ત્વ-જયંતી પ્રસંગે કાયમી મંડલવિધાનપૂજા—

(૧) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, મુંબઈ; (૨) કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ; (૩) લલીતાબેન જયંતીલાલ મહેતા, મુંબઈ: (૪) શ્રી નવલચંદભાઈ

જગજીવનભાઈ શાહ, હસ્તે મુક્તાબેન, સોનગઢ; (૫) શ્રી વ્રજલાલ મગનલાલ શાહ, જલગાંવ; (૬) શ્રી મથુરભાઈ મહેતા, મુંબઈ; (૭) શ્રી સુશીલાબેન હિંમતલાલ શાહ (પૂજ્ય બહેનશ્રીના ભાભી), હસ્તે પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રીના ભાઈ), સોનગઢ; (૮) સ્વ. ચિમનલાલ વિક્રમચંદ સંઘવી–પરિવાર, મુંબઈ; (૯) શ્રી ચંદ્રમણીબેન મણિલાલ શાહ, વિકાસભાઈ શાહ, બ્ર. કંચનબેન તથા ડો. જયશ્રીબેન શાહ, સોનગઢ; (૧૦) સ્વ. લક્ષ્મીચંદજી મલથુરામ જૈન, હસ્તે શશીબેન, જ્ઞાનેશ, જબેરા; (૧૧) દમયંતીબેન રસીકલાલ સંઘવી, કલકત્તા; (૧૨) શ્રી નિર્મળાબેન રમણીકલાલ શાહ, સુરેન્દ્રનગર (નલીનીબેન નિરંજનકુમારના સ્મરણાર્થે);

પ્રાસંગિક મંડલવિધાનપૂજા—

(૧) સ્વ. જીણીબેન હરજીવનદાસ બ્રોકર, પોરબંદરવાળાના સ્મરણાર્થે, હસ્તે ચંદનબેન ચીમનલાલ ગોસળીયા, અમદાવાદ તરફથી રાખવામાં આવી હતી.

* આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીનાં તથા પૂજ્ય બહેનશ્રીનાં ટેપ–પ્રવચનમાં—

રૂા. ૩,૦૦૦ સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા, રાજકોટ

રૂા. ૪,૬૦૦ શ્રી જયંતીલાલ ચત્રભુજ કામદાર, U. S. A. હસ્તે હીનાબેન

રૂા. ૧,૩૦૦ શ્રી દાદર દિગંબર જૈનમુમુક્ષુ મંડળ, દાદર

—તરફથી ડિસ્કાઉન્ટ આપવા માટે જાહેર કરવામાં આવ્યા હતા.

*** કહાનગુરુ-જન્મોત્સવ-નિમંત્રણ પત્રિકાની મંગલ લેખનવિધિ ***

અધ્યાત્મયુગપ્રવર્તક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ કે જે બૃહદ્ મુંબઈના શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવકમંડળ તરફથી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે તેની ભવ્ય મનોજ્ઞ નિમંત્રણ પત્રિકાની મંગલ લેખનવિધિ સુવર્ણપુરીમાં તા. ૧૪–૩–૯૬ સમ્યક્ત્વજયંતીના રોજ સવારના પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુસમાજે અત્યંત આનંદ ઉત્સાહપૂર્વક સંપન્ન કરી હતી. સમ્યક્ત્વજયંતી નિમિત્તે શ્રી દોલતરાય માણેકચંદ મહેતા તરફથી તથા બૃહદ્ મુંબઈના શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવકમંડળ તરફથી આ માંગલિક વિધિની પ્રસન્નતામાં સ્વામિવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું. આ મંગલવિધિ નિમિત્તે મુમુક્ષુઓ દ્વારા રૂા. ૧૬,૧૪૨/=ની દાનરાશિ જાહેર થઈ હતી.

*** સમ્યક્ત્વજયંતી પ્રસંગે સમવસરણ-સ્તુતિ-શિલાપટ-સંસ્થાપન મહોત્સવ ***

**પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત પૂજ્ય બહેનશ્રીના સ્વાત્માનુભવ સહિત લોકોત્તર જાતિસ્મરણરૂપ જ્ઞાનવૈભવના પુનીત પ્રતાપે વિક્રમ સંવત ૧૯૯૮માં સુવર્ણપુરીમાં શ્રી સીમંધરસ્વામી–સમવસરણની પંચકલ્યાણક–પુરસ્સર પ્રતિષ્ઠા થઈ હતી. પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણરૂપી જ્ઞાનવૈભવ તથા આદિ પુરાણના આધારે, આપણા આદરણીય પંડિતરત્ન**

ઊંડા આદર્શ આત્માર્થી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રીના વડીલ બંધુ) દ્વારા વિભિન્ન છંદોમાં તેમ જ હૃદયસ્પર્શી ભાવવાહી ઉપમા-અલંકારથી વિભૂષિત જે મધુરતમ સમવસરણસ્તુતિ રચવામાં આવી છે તેને ધવલ સંગેમર્મર-શિલાપટ પર ઉત્કીર્ણ કરીને સમવસરણની અંદરની દીવાલોમાં લગાડવાનું મંગલ આયોજન તા. ૧૧-૩-૯૬, સોમવારના રોજ અત્યંત આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થયું.

સંસ્થાપનવિધિના સમયે આદરણીય પંડિતજીએ પ્રતિષ્ઠા સમયના કેટલાક ભાવવાહી સંસ્મરણો કહ્યા કે—પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રતિષ્ઠા ઉત્સવ સમયે આ સમવસરણસ્તુતિ પર ત્રણ દિવસ પ્રવચન આપ્યા હતા. પ્રવચનમાં જ્યારે આ પંક્તિ આવી કે "રે! રે! સીમંધરજિનના વિરહા પડયા આ ભરતમાં" ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીનું હૃદય, ગત પૂર્વભવમાં —વિદેહક્ષેત્રના ગુણિયલ રાજકુમારના ભવમાં—પ્રાપ્ત શ્રી સીમંધરનાથના પ્રત્યક્ષ સાન્નિધ્યના વિરહ-વેદનથી ભરાઈ જતાં, તેઓશ્રીના નેત્રોમાં વિરહ-અશ્રુ વહેવા લાગ્યા અને તે પંક્તિને ફરીથી દોહરાવી હતી અને જ્યારે છેલ્લી પંક્તિ આવી "અહો! તે ગુરુકહાનનો" તે પદનો અર્થ સાંભળવા અમે સૌ ઉત્સુક હતા કે સ્વમુખથી તો પોતાના ઉપકારની વાત કરે નહીં. તો કયો અર્થ પૂજ્ય ગુરુદેવ કરશે? પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી તો સહજરૂપે બોલ્યા કે "અહો! તે ગુરુ આત્મનો" પૂજ્ય ગુરુદેવશ્રીનો આ અર્થ સાંભળીને અમે બધા આશ્ચર્યચકિત થઈ ગયા. —ઇત્યાદિ પ્રતિષ્ઠા સમયના સ્મરણો સાંભળીને ઉપસ્થિત મુમુક્ષુસમાજ આનંદિત થઈ ગયો. ૧૬ શિલાપટની બોલીમાં રૂા. ૮૭,૦૧૬/ની સંસ્થાને આવક થઈ હતી.

* સમ્યક્ત્વજયંતી-સ્વામીવાત્સલ્ય જમણ: (૧) દોલતરાય માણેકચંદ મહેતા-પરિવાર; (૨) ભોગીલાલ ચત્રભુજ દોશી, ઘાટકોપર; (૩) બૃહદ્ મુંબઈના કુંદકુંદકહાન પરિવાર યુવકમંડળ તરફથી આપવામાં આવ્યું હતું. —*—

[વૈરાગ્ય સમાચાર....પૃષ્ઠ ૨૮થી ચાલુ]

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી પ્રભાબેન કાંતિલાલ શેઠ (સોનગઢનિવાસી સ્વ. છોટાલાલ રાયચંદ ખંધારના પુત્રી) (વર્ષ-૭૧) તા. ૨૮-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* હૈદરાબાદનિવાસી શ્રી રૂક્મણીબેન કલ્યાણજીભાઈ શાહ (વર્ષ-૫૬) તા. તા. ૫-૩-૯૬ના રોજ સોનગઢ મુકામે હાર્ટ ફેઇલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા અને છેલ્લે ટેપ સાંભળીને શાંતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

* અમરાવતીનિવાસી શ્રી નવલબેન ચત્રભૂજ કોઠારી તા. ૧૫-૩-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. —*—

## વૈરાગ્ય સમાચાર :—

* મલકાપુરનિવાસી ચંપાબાઈ તારાચંદ જૈન (બ્ર. વિમળાબેનના મોટીબા) (વર્ષ-૯૦) તા. ૨૯-૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢ ઘણા વર્ષ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો.

* ગાંધીનગરનિવાસી શ્રી મનહરલાલ વાલજીભાઈ મહેતા તા. ૩૧-૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરાનિવાસી (હાલ-અમેરિકા) શ્રી કમળાબેન લાભશંકર મહેતા (વર્ષ-૭૮) તા. ૩-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો. તેઓ તત્ત્વ-અભ્યાસી હતા.

* વિંછીંયાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી લીલાવંતીબેન રતીલાલ અજમેરા તા. ૭-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી પન્નાલાલ (પ્રવિણભાઈ) ભગવાનજી સંઘવી (વર્ષ-૭૩) તા. ૧૬-૨-૯૬ના રોજ સોનગઢ મુકામે હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને ઘણો લાભ લેતા હતા. તેઓ તત્ત્વજિજ્ઞાસુ ને ભક્તિવંત હતા.

* કલકત્તાનિવાસી શ્રી મોહનલાલજી પાટણી (વર્ષ-૮૯) તા. ૧૭-૨-૯૬ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં વારંવાર સોનગઢ આવીને ઘણો જ લાભ લીધો હતો. તેમ જ પૂજ્ય બહેનશ્રીનો પણ સોનગઢ રહીને ઘણો જ લાભ લીધો હતો. તેઓ તત્ત્વરસિક હતા.

* રણાસણનિવાસી મણીબેન છોટાલાલ ગાંધી (વર્ષ-૯૧) તા. ૧૮-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી (હાલ-દેવલાલી) શ્રી કાંતાબેન મોતીલાલ પારેખ (બ્ર. શ્રી રમાબેનનાં માતુશ્રી) (વર્ષ-૮૪) તા. ૨૧-૨-૯૬નો રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી કિશોરભાઈ વીરચંદભાઈ મોટાણી (વર્ષ-૬૩) તા. ૨૪-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતા.

* મોરબીનિવાસી (હાલ-સીકંદરાબાદ) શ્રી જેઠાલાલ હંસરાજ દોશી (વર્ષ-૮૦) તા. ૨૭-૨-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હોવાથી સોનગઢ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લેતા હતા. તેઓ વાંચનકાર હતા. તેઓ શાંતિથી જાગૃતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

[ વધુ માટે જુઓ પાનું ૨૭ ]

વિંછીયા શહેરમાં આયોજન-આધીન
**સમયસારાદિ પંચપરમાગમપ્રમુખ જિનસરસ્વતીની સ્થાપના તેમ જ**
**કહાનગુરુ–પ્રતિકૃતિ–સંસ્થાપનનો**

## 卐 મંગલ–મહોત્સવ 卐

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે—વિંછીયા શહેરમાં (જિલ્લો રાજકોટ, તાલુકો જસદણ) ત્યાંના શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ સાન્નિધ્યમાં વિક્રમ સંવત ૨૦૦૫ માં સુપ્રતિષ્ઠિત શ્રી ચંદ્રપ્રભસ્વામી દિગંબર જિનમંદિરના પરિસરમાં નિર્મિત શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિરમાં ભગવતી જિનવાણી શ્રી સમયસારાદિ પંચમપરમાગમ તેમ જ ષટ્ખંડાગમ આદિ અન્ય જિનસરસ્વતીની મંગલ સ્થાપનાનું તથા ધવલ સંગેમરમરનિર્મિત ભવ્ય કહાનગુરુ-પ્રતિકૃતિના મંગલ સ્થાપનાનું આયોજન આગામી વૈશાખ સુદ ત્રીજ, શનિવાર તા. ૨૦–૪–૯૬ના રોજ અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે સર્વે મુમુક્ષુસમાજને વિંછીયા પધારવાનું ત્યાંના ટ્રસ્ટ તરફથી ધર્મવાત્સલ્યયુક્ત હાર્દિક આમંત્રણ છે.

---

**પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતીના મંગલ અવસરે**
અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં પુરુષો માટે

## □ ધાર્મિક શિક્ષણવર્ગ □

**પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતીના ઉપલક્ષમાં સુવર્ણપુરીમાં તા. ૧૫–૪–૯૬ થી તા. ૬–૫–૯૬—૨૨ દિવસ સુધી પુરુષો માટે જૈન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુભાઈઓ સાદર નિમંત્રિત છે.**

[ સૂચના:—(૧) શિક્ષણાર્થીઓ માટે આવાસ–ભોજન–વ્યવસ્થા નિઃશુલ્ક છે. (૨) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર તેમ જ સમયસાર ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૩) મધ્યમવર્ગમાં શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તેમ જ મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૪) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના મંડળના મુમુક્ષુઓ બહોળી સંખ્યામાં આ શિક્ષણવર્ગનો લાભ લ્યે તે માટે પ્રોત્સાહિત કરે; તેમ જ આવનાર મુમુક્ષુઓની સંખ્યા પત્રથી જણાવે. ]

---

### * પૂજ્ય બહેનશ્રીની સમાધિતિથિ *

પૂજ્ય બહેનશ્રીની છઠ્ઠી વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે વૈશાખ સુદ ૧૪, ગુરુવાર, તા. ૨–૫–૯૬ થી વૈશાખ વદ ૩, સોમવાર, તા. ૬–૫–૯૬ સુધી પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## 卐 ચૈતન્યપ્રભુને જે ઓળખે તે ધન્ય છે 卐

ગુરુદેવ કહેતા હતા : ભાઈ! તું પાછો વળ, પાછો વળ, તારા ઘરમાં જા, તારા ઘરમાં જા. તારા ઘરમાં જ બધી રિદ્ધિ-સિદ્ધિ ભરેલી છે. બહારમાં ક્યાં ગોતે છે? જ્યાં અનંતા ગુણોથી ભરપૂર ચૈતન્યપ્રભુનો દરબાર છે ત્યાં—તારા ઘરમાં—જા ને! તે ગુણમૂર્તિ ચૈતન્યપ્રભુને જે ઓળખે તે ધન્ય છે. —પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૨૯) ✻ આત્મધર્મ ✻ (અંક-૯ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨ માર્ચ, ૧૯૯૬

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A ૧૨૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પો. ઓ. ...,
વાયા–સોનગઢ સણોસરા–૩૬૪૨૩૦ (સૌ.)
[ ૩